# રાજકોટ મિરર

DAILY MORNING NEWS PAPER

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Year : 16 | Issue : 258 | Dt. 29-10-2026 | Page : 08 | Price : Rs 3

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**

Place of Publication and Printing : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**


## આફત બન્યું વાવાઝોડું ‘અર્નબ’

# આંધ્રપ્રદેશમાં તાંડવથી પાંચ મોત

### ૧૩ જિલ્લાઓમાં પૂરનું એલર્ટ અને અન્ય રાજ્યોમાં અસર : ભારતના દરિયાકાંઠે ત્રાટકેલા વિનાશક વાવાઝોડાએ મચાવી ભારે તબાહી

નવી દિલ્હી, તા.૨૮

આફ્રિકન ખંડથી લઈને આપણા દેશ સુધી વિવિધ મોરચે આફતોના સમાચાર સામે આવી રહ્યા છે, જેમાં ભારતના દરિયાકાંઠે ત્રાટકેલા વિનાશક વાવાઝોડાએ ભારે તબાહી મચાવી છે. આંધ્રપ્રદેશના દરિયાકાંઠે ત્રાટકેલા વાવાઝોડું ‘અર્નબ’ના કારણે ભારે નુકસાન થયું છે અને જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. આ ભયાનક તોફાનની અસર પશ્ચિમ બંગાળ, ઓડિશા અને છત્તીસગઢ સુધી જોવા મળી રહી છે.

હવામાન વિભાગ (IMD) અનુસાર વાવાઝોડું ‘અર્નબ’ ૨૮ ઓક્ટોબર ૨૦૨૬ની વહેલી સવારે આશરે ૧:૨૦ વાગ્યે બાપટલા અને વિશાખાપટ્ટનમ વચ્ચે, યનમની દક્ષિણે કાકીનાડા નજીકથી દરિયાકાંઠો વટાવી ગયું હતું. આ દરમિયાન ૧૨૫ થી ૧૩૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે અને પવનના ઝાપટાં ૧૫૦ કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચ્યા હતા. કાકીનાડામાં દરિયાકાંઠાનો ઉપ્પાડા રોડ સંપૂર્ણપણે ધોવાઈ ગયો છે, વિશાખાપટ્ટનમમાં ૪૦૦ થી વધુ વૃક્ષો અને કાકીનાડામાં ૧૦૦ થી વધુ વીજપોલ ધરાશાયી થતાં વીજળી ગુલ થઈ



ગઈ છે. અનકાપલ્લીના કન્નૂરીપાલેમમાં સૌથી વધુ ૨૬૧.૫ મિલીમીટર વરસાદ નોંધાયો છે.

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ વાવાઝોડાના કારણે ૫ લોકોના મોતની પુષ્ટિ કરી છે. કોનાસીમા, વિશાખાપટ્ટનમ, અનકાપલ્લી અને ભીમાવરમમાં વૃક્ષો અને વીજપોલ પડવાથી તેમજ કરંટ લાગવાથી આ દુર્ઘટનાઓ બની છે. મુખ્યમંત્રીએ પીડિત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી યુદ્ધના ધોરણે રાહત અને બચાવ કામગીરી હાથ ધરવા અધિકારીઓને સૂચના આપી છે. પ્રશાસન રિયલ ટાઈમ ગવર્નન્સ સેન્ટર દ્વારા સમગ્ર સ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે.

હવામાન વિભાગે આંધ્રપ્રદેશના ૧૩ જિલ્લાઓમાં અચાનક પૂર આવવાની ચેતવણી જાહેર કરી છે. સંભવિત ખતરાને ધ્યાને રાખીને અત્યાર સુધીમાં આશરે ૫૭૦૦૦ લોકોને સુરક્ષિત રાહત શિબિરોમાં ખસેડવામાં આવ્યા છે. વિઝિયાનગરમના ધર્મપુરી ગામમાં પાણી ભરાઈ જતાં ઘરમાં ફસાયેલા ૫ લોકોને પોલીસે દોરડા અને જેસીબીની મદદથી સલામત બહાર કાઢ્યા હતા. વાયુસેનાના બે C-130J વિમાનો દ્વારા વિજયવાડા ખાતે ૨૩ ટન રાહત સામગ્રી પહોંચાડવામાં આવી છે, જ્યારે એનડીઆરએફની ટીમો સતત રાહત કામગીરીમાં લાગેલી છે.

વાવાઝોડા વચ્ચે વિશાખાપટ્ટનમથી સિંગાપોર જઈ રહેલું સલ્ફર ભરેલું એક મોટું માલવાહક જહાજ એન્જિનમાં ખામી સર્જાતાં ભટકી ગયું હતું. આ જહાજ આંધ્રપ્રદેશના અંતરવેદી નજીક છીછરા દરિયાઈ વિસ્તારમાં ફસાઈ ગયું છે. બંદર સત્તાવાળાઓ અને દરિયાઈ સુરક્ષા એજન્સીઓ હાલ સમગ્ર સ્થિતિનું નિરીક્ષણ કરી રહી છે.

વાવાઝોડાના કારણે હવાઈ સેવાઓ પર ગંભીર અસર પડી છે અને વિશાખાપટ્ટનમ, વિજયવાડા તથા રાજમુંદરી એરપોર્ટ પર ફ્લાઈટ્સ ખોરવાઈ ગઈ છે. એર ઈન્ડિયાએ ૬ અને એર ઈન્ડિયા એક્સપ્રેસે ૧૩ ફ્લાઈટ્સ રદ કરી છે, જ્યારે ઈન્ડિગોએ વિશાખાપટ્ટનમ ખાતેનું સંચાલન સ્થગિત કરી દીધું છે. કોલકાતામાં ૫ ફ્લાઈટ્સ રદ થઈ છે અને દક્ષિણ બંગાળના ચાર જિલ્લાઓમાં ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. ઓડિશાના પુરી અને ગંજમમાં તોફાની પવનો ફૂંકાતા ઝાડ પડી જવાની ઘટનાઓ બની છે, તેમજ છત્તીસગઢમાં પણ આગામી ૩ દિવસ માટે પાકને નુકસાન પહોંચાડી શકે તેવા વરસાદનું એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

# રાહુલનું માનશો તો કોંગ્રેસ થશે ખતમ

### દિલ્હીની પદયાત્રામાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીનનું નિવેદન

નવી દિલ્હી, તા.૨૮

કોંકોચ પાર્ટી એ ૧ નવેમ્બરે દિલ્હીના રામલીલા મેદાનમાં યોજાનારી ઈન્ડિયા ગઠબંધનની રેલીને પોતાનું સમર્થન આપવાની જાહેરાત કરી છે. CJPએ સ્પેશિયલ સમરી રિવિઝન (SIR)ને લઈને ગંભીર ચિંતા વ્યક્ત કરી છે અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર તેમજ ચૂંટણી પંચની ભૂમિકા પર સવાલો ઉઠાવ્યા છે. આ સમર્થન એવા સમયે સામે આવ્યું છે જ્યારે SIR ની પ્રક્રિયાને લઈને વિપક્ષી દળો અને ભાજપ વચ્ચે રાજકીય ઘર્ષણ ચાલી રહ્યું છે.

CJPએ સત્તાવાર નિવેદનમાં કહ્યું છે કે, 'અમે દેશમાં મુક્ત અને ન્યાયી ચૂંટણીઓ માટે અવાજ ઉઠાવતા તમામ સંગઠનો સાથે ઊભા રહીશું અને ઈન્ડિયા ગઠબંધનની ૧ નવેમ્બરે યોજાનારી રેલીનું સમર્થન કરીએ છીએ. બંધારણે દરેક પુખ્ત નાગરિકને વોટ આપવાનો અધિકાર આપ્યો છે અને કોઈ પણ પાત્ર મતદાર આ અધિકારથી વંચિત ન



રહે તે સુનિશ્ચિત કરવું જરૂરી છે.' આ સાથે પાર્ટીએ પોતાના સંદેશમાં 'જ્ઞાનેશ કુમારે જવું જ પડશે'નો નારો આપીને મુખ્ય ચૂંટણી કમિશનરના રાજીનામાની માંગ કરી છે.

SIR અંગે પાર્ટીએ નિવેદન આપ્યું છે કે, 'મતદારયાદીના સ્પેશિયલ સમરી રિવિઝનને કારણે પાત્ર મતદારોના નામો હટાવવા અંગે ગંભીર ચિંતાઓ ઊભી થઈ છે. વોટ આપવાની પ્રક્રિયા સરળ બનાવવાના બદલે લોકોમાં મતાધિકારથી વંચિત રહી જવાનો ભય વધી રહ્યો છે. ચૂંટણી પંચની જવાબદારી દરેક પાત્ર નાગરિકના વોટ આપવાના અધિકારનું રક્ષણ કરવાની છે, નહીં કે તેમાં અવરોધો ઊભા કરવાની. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે SIR દ્વારા લોકશાહીમાં મુક્ત અને ન્યાયી ચૂંટણી કરાવવા માટે જરૂરી વિશ્વાસ ગુમાવી દીધો છે.'

બંધારણ નિર્માતાઓને યાદ કરતા CJPએ જણાવ્યું છે કે, 'ડો. ભીમરાવ આંબેડકર, પંડિત જવાહરલાલ નેહરુ અને બંધારણ ઘડનારા અન્ય સભ્યોએ જાતિ, ધર્મ, લિંગ, શિક્ષણ કે આર્થિક સ્થિતિના ભેદભાવ વિના દરેક પુખ્ત નાગરિકને વોટ આપવાનો સમાન અધિકાર આપ્યો હતો. જ્યારે દેશના લાખો લોકોએ પહેલા ક્યારેય ચૂંટણીમાં ભાગ લીધો ન હતો, ત્યારે પણ તેમણે જનતા પર વિશ્વાસ મૂક્યો હતો. વધુમાં વધુ નાગરિકોને લોકશાહી પ્રક્રિયામાં સામેલ કરવા જોઈએ, નહીં કે તેમને તેનાથી બહાર રાખવા જોઈએ.'

લોકશાહીના સિદ્ધાંતો વિશે CJPએ ઉમેર્યું છે કે, 'દરેક સરકાર અને બંધારણીય સંસ્થાની જવાબદારી સમાન રાજકીય અધિકારોના સિદ્ધાંતનું રક્ષણ કરવાની છે. લોકશાહીમાં સરકાર પસંદ કરવાનો અધિકાર જનતા પાસે હોવો જોઈએ, નહીં કે સરકાર પાસે એ નક્કી કરવાનો અધિકાર હોય કે કોણ વોટ આપી શકે છે. કોઈ પણ નાગરિકની સામાજિક કે આર્થિક સ્થિતિ તેના વોટ આપવાના અધિકારમાં બાધક ન બનવી જોઈએ.'

## NPPA દ્વારા ૫૪૩ બ્રાન્ડસના ભાવમાં મોટો ઘટાડો, જુઓ લિસ્ટ

# કેન્સરની દવાઓ થશે સસ્તી




નવી દિલ્હી તા. ૨૮

અટકેલા રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ્સના ઘર ખરીદદારો દ્વારા સતત દાખલ કરવામાં આવી રહેલી અરજીઓ અંગે ચિંતા વ્યક્ત કરી છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે, જો દરેક હાઉસિંગ પ્રોજેક્ટ સાથે જોડાયેલા મામલાની અલગ-અલગ સુનાવણી શરૂ કરવામાં આવશે, તો મુખ્ય કેસમાં આખરી ચુકાદો આપવો મુશ્કેલ બની જશે. જસ્ટિસ જોયમાલ્ય બાગચીએ નોંધ્યું કે, ભારતમાં દરેક સમસ્યાગ્રસ્ત હાઉસિંગ પ્રોજેક્ટ માટે સુપ્રીમ કોર્ટ એક પ્લેટફોર્મ બની શકે નહીં. કોર્ટે એ પણ ઉમેર્યું કે, મુખ્ય કેસ પર આવનારો નિર્ણય આવા જ વિવાદો ઉકેલી રહેલી હાઈકોર્ટ માટે દિશા-નિર્દેશનું કામ કરશે.

સુનાવણી દરમિયાન એક અરજદારના વકીલે દલીલ કરી હતી કે, જે પ્રોજેક્ટ્સની વાત થઈ રહી છે, તે હાલમાં સુપ્રીમ કોર્ટ સમક્ષ વિચારાધીન મુખ્ય કેસનો ભાગ નથી અને ઘર ખરીદદારોને રાહત મળી રહી નથી. તેના પર CJI સૂર્યકાંત એ કહ્યું કે, જો એક પ્રોજેક્ટના ખરીદદારો સુપ્રીમ કોર્ટ પહોંચશે, તો તે જ પ્રોજેક્ટ સાથે જોડાયેલા બીજા ૨૦૦ લોકો પણ અરજી લઈને આવી શકે છે, જેનાથી સુનાવણીની પ્રક્રિયા ક્યારેય પૂરી થશે નહીં. અરજદારોને મુખ્ય કેસના ચુકાદાની રાહ જોવા અથવા સંબંધિત હાઈકોર્ટનો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે. CJI એ કહ્યું કે, સુપ્રીમ કોર્ટ કોઈપણ મામલે આખરી અભિપ્રાય આપે તે પછી હાઈકોર્ટો તેનાથી અલગ વલણ અપનાવી શકતી નથી. તેથી મુખ્ય નિર્ણય આવ્યા પછી પણ અરજદારો પાસે કાનૂની રાહત મેળવવાના વિકલ્પો ખુલ્લા રહેશે.

### કઈ દવાના ભાવ ઘટાડાયા?

- **Anarzole:** કિંમત ૬૯૫.૭૬ રૂપિયાથી ઘટાડીને ૭૩ રૂપિયા કરી દેવામાં આવી છે.
- **Azacytin Injection:** ભાવ ૬,૩૩૭ રૂપિયાથી ઘટીને ૧,૪૯૫ રૂપિયા થઈ ગયો છે.
- **Bevacizab Injection:** કિંમત ૨૧,૭૬૭ રૂપિયાથી ઘટાડીને ૫,૯૩૦ રૂપિયા કરી દેવામાં આવી છે.
- **Dasanat 20:** ભાવ ૨,૮૧૨ રૂપિયાથી ઘટીને ૧,૦૮૫ રૂપિયા રહી ગયો છે.
- **Enuta:** કિંમત ૬,૫૭૮ રૂપિયાથી ઘટાડીને ૨,૨૩૨ રૂપિયા કરી દેવામાં આવી છે.

# આતંકી હુમલામાં ૨૦ સૈનિકોના મોતનો દાવો

### આફ્રિકન દેશ સોમાલિયામાં રક્તપાત આંતરરાષ્ટ્રીય સુરક્ષા પર ગંભીર સવાલો



નવી દિલ્હી, તા.૨૮

આફ્રિકાના હોર્ન ઓફ આફ્રિકા તરીકે ઓળખાતા વ્યૂહાત્મક રીતે અત્યંત સંવેદનશીલ દેશ સોમાલિયામાંથી એક અત્યંત ચિંતાજનક અને હચમચાવી નાખે તેવા સમાચાર સામે આવ્યા છે. અલ-કાયદા સાથે સંકળાયેલા કુખ્યાત આતંકી સંગઠન અલ-શબાબ દ્વારા સોમાલિયન સૈન્ય કાફલા પર એક મોટો અને પૂર્વઆયોજિત ઘાતક હુમલો કરવામાં આવ્યો છે.

આ ભીષણ હુમલામાં સેનાના કેટલા જવાનો શહીદ થયા છે તેને લઈને અલગ-અલગ અને વિરોધાભાસી આંકડાઓ સામે આવી રહ્યા છે, જેના કારણે વૈશ્વિક સ્તરે હચમચો મચી ગયો છે. આ ગોઝારી ઘટના દક્ષિણ સોમાલિયાના બે પ્રદેશ અંતર્ગત આવતા બુરહાકાબા જિલ્લાના જામેકા ગામ નજીક ૨૬ ઓક્ટોબરે બની હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, સોમાલિયન સૈનિકોનો કાફલો લીગો વિસ્તારથી જામેકા તરફ આગળ વધી રહ્યો હતો. આતંકીઓએ અગાઉથી જ ઘાત લગાવીને બેઠેલા હતા અને ખૂબ જ આયોજનબદ્ધ રીતે સૈન્ય કાફલાને ઘેરી લીધો હતો. આ હુમલામાં વિસ્ફોટક ભરેલા વાહનોનો પણ ભરપૂર ઉપયોગ કરવામાં આવ્યો હોવાનું મંત્રાલયે સ્વીકાર્યું છે. બંને પક્ષો વચ્ચે કલાકો સુધી અત્યંત ભીષણ અને અનિયંત્રિત ગોળીબાર ચાલ્યો હતો, જેના કારણે આખો વિસ્તાર યુદ્ધના મેદાનમાં ફેરવાઈ ગયો હતો.

આ ઘાતક હુમલામાંથી ચમત્કારિક રીતે બચી ગયેલા સૈન્ય અધિકારી અબશીર અબ્દિકરીમે મીડિયા સમક્ષ ચોંકાવનારી વિગતો શેર કરી છે. તેમણે જણાવ્યું કે, ભીષણ અથડામણ રોકાયા બાદ તેમણે જાતે ઓછામાં ઓછા ૨૦ જેટલા પોતાના સાથી સૈનિકોના શબ નજરે જોયા હતા.

અધિકારીના જણાવ્યા મુજબ, હુમલા બાદ અફરાતફરી મચી ગઈ હતી, જેમાં કેટલાક જવાનો જીવ બચાવીને પરત ફર્યા છે, પરંતુ હજુ પણ ઘણા સૈનિકો લાપતા છે અને તેમની ભાળ મેળવવા માટે સર્ચ ઓપરેશન ચાલુ છે. જોકે, સોમાલિયાની કેન્દ્ર સરકારે સૈનિકોના સત્તાવાર મૃત્યુઆંક અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટ આંકડો જાહેર કર્યો નથી. એક તરફ જ્યાં સૈનિકોના નુકસાનની આશંકા વ્યક્ત થઈ રહી છે, ત્યાં બીજી તરફ સોમાલિયાના સંરક્ષણ મંત્રાલય દ્વારા મોટો દાવો કરવામાં આવ્યો છે. મંત્રાલયના નિવેદન અનુસાર, સોમાલિયન સુરક્ષાદળોએ જડબાતોડ જવાબ આપતા કલાકો સુધી ચાલેલી આ લડાઈમાં અશરે ૭૫ જેટલા અલ-શબાબના આતંકીઓને મોતને ઘાટ ઉતારી દીધા છે અને અન્ય ૫૬ આતંકીઓ ગંભીર રીતે ઘાયલ થયા છે.

સરકારે સ્પષ્ટ કર્યું છે કે આ કાર્યવાહી આતંકી ઠેકાણાઓનો સફાયો કરવા માટે ચલાવવામાં આવી રહેલા વ્યાપક લશ્કરી અભિયાનનો જ એક હિસ્સો છે. આતંકીઓ દ્વારા વિસ્ફોટક વાહનોના ઉપયોગથી સેનાના કેટલાક વાહનોને જરૂર નુકસાન પહોંચ્યું છે, પરંતુ સેનાનું મનોબળ અકબંધ છે. આ ઘટનાનો સૌથી મોટો અને ભયાનક દાવો ખુદ આતંકી સંગઠન અલ-શબાબ દ્વારા કરવામાં આવ્યો છે. સંગઠને સોશિયલ મીડિયા અને તેના પ્રચાર માધ્યમો દ્વારા એવો દાવો કર્યો છે કે આ હુમલામાં તેમના દ્વારા સોમાલિયાના ૩૨૧ સૈનિકોને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે!

માત્ર હત્યાનો દાવો જ નહીં, પરંતુ અલ-શબાબે એવું પણ જણાવ્યું છે કે તેમણે લડાઈ દરમિયાન કેટલાક સૈનિકોને જીવતા બંધક પણ બનાવ્યા છે. આ ઉપરાંત, તુર્કિયે દેશ દ્વારા સોમાલિયન સૈન્યને મદદરૂપ થવા માટે પૂરા પાડવામાં આવેલા અત્યાધુનિક બખ્તરબંધ વાહનો, ઘાતક હથિયારો અને વિશાળ માત્રામાં દારૂગોળો પોતાના કબજામાં લઈ લીધા હોવાનો દાવો પણ આતંકીઓએ કર્યો છે. જોકે, આ દાવાઓની કોઈપણ તટસ્થ કે સ્વતંત્ર એજન્સી દ્વારા પુષ્ટિ કરવામાં આવી નથી, અને નિષ્ણાતોના મતે આતંકીઓ દ્વારા કરવામાં આવતા આવા દાવાઓ ઘણીવાર મનોવૈજ્ઞાનિક યુદ્ધ અને પ્રોપાગન્ડાનો જ એક ભાગ હોય છે.

અલ-શબાબ છેલ્લાં લગભગ વીસ વર્ષોથી સોમાલિયાની આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત સરકાર સામે સશસ્ત્ર અને હિંસક સંઘર્ષ ચલાવી રહ્યું છે. આ સંગઠનનો મુખ્ય ઉદ્દેશ્ય સોમાલિયામાં કટ્ટરવાદી ઇસ્લામિક શાસન સ્થાપિત કરવાનો છે.

# પ્રેમિકા ભાગી જતા રીક્ષાચાલકે ગળાફાંસો ખાઈ કર્યો આપઘાત

## નાગલપર ગામે ઘરે બનેલી કરુણ ઘટના : પાંચ વર્ષ પહેલાં છૂટાછેડા થયા હતા : એક મહિના પહેલાં પ્રેમિકા ઘર છોડીને જતાં આધેડ માનસિક તણાવમાં : કુવાડવા રોડ પોલીસની તપાસ



રાજકોટ તા. ૨૮

રાજકોટ તાલુકાના નાગલપર ગામે એક અત્યંત કરુણ ઘટના બની છે, જ્યાં રહેતા એક બાવાજી આધેડે પોતાની પ્રેમિકા ભાગી જવાથી આવેલા ડપખ૦ માનસિક આઘાત અને માઠા લગ્નજીવનના દુ:ખના કારણે પોતાના ઘરે જ ગળાફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી છે. આ બનાવ અંગે કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં સત્તાવાર રીતે નોંધ કરવામાં આવી છે.

પ્રાપ્ત થતી પોલીસ વિગતો અનુસાર, રાજકોટ તાલુકાના નાગલપર ગામે રહેતા અમિતગિરી હસમુખગિરી ગોસ્વામી નામના આ યુવાને બપોરના સુમારે પોણા ત્રણ વાગ્યે પોતાના જ ઘરે પંખાના હુક સાથે સાડી બાંધીને ગળેફાંસો ખાઈ લીધો હતો. આ દુર્ઘટના બનતાની સાથે જ તાત્કાલિક ધોરણે ૧૦૮ ઇમરજન્સી એમ્બ્યુલન્સને બોલાવવામાં આવી હતી, પરંતુ ઘટનાસ્થળે પહોંચેલા ઈએમટી રૂપલબેન સોલંકીએ તપાસ કરીને અમિતગિરીને મૃત જાહેર કર્યા હતા. ત્યારબાદ મૃતકની ડેડબોડીને પોસ્ટમોર્ટમ (પીએમ) માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી.

કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના સ્ટાફે આ કેસમાં તપાસ કરતાં ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. મૃતક અમિતગિરી રીક્ષા ચાલકી કામ કરીને પોતાનું અને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેઓ બે ભાઈઓમાં નાના હતા અને તેમના પરિવારમાં માતાનું અગાઉ જ અવસાન થયેલું હોવાથી તેઓ મોટાભાઈ સાથે રહેતા હતા. તેમને સંતાનમાં એક દીકરો પણ છે.

પાંચ વર્ષ અગાઉ અમિતગિરીના છૂટાછેડા થઈ ગયા હતા, જેના કારણે તેઓ સતત માનસિક તાણ અને દુ:ખમાં રહેતા હતા. દરમિયાન, હિંમતનગર બાજુની જહાનવી ઉર્ફે યાસ્મીન નામની એક પરણીતા સાથે તેમને પ્રેમસંબંધ બંધાયો હતો. આ મહિલા રાજકોટમાં આવીને નવીન નગર વિસ્તારમાં અમિતગિરી સાથે જ રહેતી હતી. પરંતુ, આજથી બરાબર એક મહિના પહેલા યાસ્મીન અમીતગિરીને અચાનક છોડીને ક્યાંક ભાગી ગઈ હતી, જેના આઘાતમાંથી અમિતગિરી ક્યારેય બહાર આવી શક્યા ન હતા અને સતત ભારે દુ:ખ અનુભવતા હતા.

ઘટનાના દિવસે અંતિમ પગલું ભરતા પહેલા અમિતગિરીએ પોતાના મોટાભાઈને ફોન કરીને અત્યંત હૃદયદ્રાવક વાત કહી હતી. તેમણે ફોનમાં જણાવ્યું હતું કે, ''મને એકલા ગમતું નથી, હવે હું મમ્મી પાસે જાઉં છું.'' ભાઈએ આ પ્રકારની વાત સાંભળતા જ ડઘાઈ ગયા હતા અને તાત્કાલિક ચિંતામાં મુકાઈ ગયા હતા. તેમણે વારંવાર અમિતગિરીના ફોન પર સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ સામેથી કોઈ જવાબ મળ્યો ન હતો અને ફોન રિસીવ થયો ન હતો.

મોટાભાઈ તાત્કાલિક દોડીને ઘટનાસ્થળે પહોંચ્યા અને અંદર જઈને જોયું તો અમિતગિરીએ પંખાના હુકમાં સાડી ભરાવીને ગળેફાંસો ખાઈ લીધો હોવાનું નજરે પડ્યું હતું. હાલ આ સમગ્ર મામલે કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી.ડી. મકવાણા દ્વારા વધુ ઊંડાણપૂર્વક તપાસ ચલાવવામાં આવી રહી છે.

રાજકોટમાં જ બનેલી બીજી એક દિલદ્વારા કરનારી ઘટનામાં, ગંભીર બીમારીથી પીડાતા એક યુવાને કંટાળીને આત્મહત્યા કરી લીધી છે. કુવાડવા ગામના પુલની સામે રહેતા જગદીશભાઈ રઘુભાઈ દુધરેજીયા નામના માત્ર ૨૫ વર્ષના યુવાને પોતાના ઘરમાં જ અનાજ (ઘઉં)માં નાખવાના ઝેરી જંતુનાશક ટીકડા ગળી લીધા હતા.

તબિયત લથડતા અને બેભાન થઈ જવાથી પરિવારજનો દ્વારા તેમને તાત્કાલિક સારવાર માટે ૧૫૦ ફૂટ રોડ પર આવેલી ગિરિરાજ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે, હોસ્પિટલના ડોક્ટર દેવાંગ આંબલીયાએ તેમને તબીબી તપાસ બાદ મૃત જાહેર કર્યા હતા.

આ બનાવની જાણ થતાં જ કુવાડવા રોડ પોલીસ સ્ટેશનનો કાફલો હોસ્પિટલ દોડી ગયો હતો. પોલીસ તપાસમાં એવું બહાર આવ્યું હતું કે જગદીશભાઈ છેલ્લા એક વર્ષથી અસાધ્ય રોગ એવા કેન્સરની બીમારીથી પીડાઈ રહ્યા હતા. આ અસહ્ય પીડા અને બીમારીથી કાયમી છુટકારો મેળવવા માટે જ તેમણે આ અંતિમ અને ખોટું પગલું ભરી લીધાનું પ્રાથમિક અનુમાન છે. આ મામલે આગળની વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ એન.એમ. શિરોડીયા દ્વારા હાથ ધરવામાં આવી છે.

# ફટાકડા: ઝગમગાટ કે વાયુ પ્રદૂષણ?

## ફટાકડા બાબતે શું આપણે ક્યારેય વિચાર્યું છે કે આપણી થોડીક ક્ષણોની ખુશી અને મનોરંજન માટે પર્યાવરણે કેટલી મોટી કિંમત ચૂકવવી પડે છે?



રાજકોટ , તા.૨૮

આપણે જ્યારે 'ફટાકડા' નામ સાંભળીએ છીએ, ત્યારે જ આંખો સામે રંગબેરંગી રોશની, ટમટમાતી ચમક અને ધમાકેદાર અવાજ સાથેનું એક ઉત્સાહજનક દ્રશ્ય આવી જાય છે. તહેવારો, લગ્નપ્રસંગો, વિજય સરઘસો કે અન્ય ઉજવણીઓ ફટાકડા વગર જાણે અધૂરી લાગે છે. ફટાકડાને આપણી સંસ્કૃતિ અને ધાર્મિક ઉત્સવો સાથે પણ ઊંડો સંબંધ છે, કારણ કે ફટાકડા ફોડવા એ આનંદ અને ખુશી વ્યક્ત કરવાનું એક લોકપ્રિય માધ્યમ છે.

પરંતુ, શું આપણે ક્યારેય વિચાર્યું છે કે આપણી આ થોડીક ક્ષણોની ખુશી અને મનોરંજન માટે પર્યાવરણે કેટલી મોટી કિંમત ચૂકવવી પડે છે? ખાસ કરીને પૃથ્વીના વાતાવરણ અને તેના પર નભતી સમગ્ર જીવસૃષ્ટિને આનું ગંભીર પરિણામ ભોગવવું પડે છે. આ ફટાકડા કેમ આટલા હાનિકારક છે? તેની ઉત્પત્તિ ક્યાં થઈ? તેની પાછળ કઈ રાસાયણિક પ્રક્રિયા છે અને તેના સુંદર વિકલ્પો કયા હોઈ શકે? ચાલો આ વિશે વિગતે જાણીએ.

ફટાકડાની ઉત્પત્તિ આજથી આશરે ૨૦૦૦ વર્ષ પહેલાં ચીનમાં થઈ હતી. શરૂઆતમાં વાંસના ટુકડાને અગ્નિમાં બાળીને અવાજ કરવામાં આવતો હતો. વાંસ ગરમ થતાં તેની અંદરની હવા વિસ્તરતી અને તે પોપ જેવા અવાજ સાથે ફૂટતો. ચીની લોકોની એવી માન્યતા હતી કે આ અવાજથી દુષ્ટ આત્માઓ દૂર ભાગે છે.

નવમી સદીમાં ચીની રસાયણશાસ્ત્રીઓએ સોલ્ટપીટર (પોટેશિયમ નાઇટ્રેટ), સલ્ફર અને ચારકોલ (કોલસો) મિશ્રિત કરીને આકસ્મિક રીતે ગન પાવડરની શોધ કરી. આ ગન પાવડરે વાંસને સાચા અર્થમાં ફટાકડાનું રૂપ આપ્યું. ત્યારબાદ ૧૦મી થી ૧૪મી સદી દરમિયાન ચીની લોકોએ કાગળ કે વાંસની નળીઓમાં ગન પાવડર ભરવાનું શરૂ કર્યું. આગળ જતાં, ઇટલીના લોકોએ ફટાકડામાં વિવિધ ધાતુના ક્ષાર ઉમેરીને તેને રંગબેરંગી બનાવવાની કળા વિકસાવી.

ભારતમાં ઉત્સવો અને ખુશીની ઉજવણીમાં ફટાકડાનું આગમન ૧૨મી થી ૧૭મી સદી વચ્ચે અરબી વેપારીઓ અને મુઘલ કાળ દરમિયાન થયું હોવાનું મનાય છે. ૧૩મી અને ૧૪મી સદીથી તેનો ઉપયોગ વધતો ગયો અને ૧૮મી સદી સુધીમાં દિવાળી, લગ્નપ્રસંગો તથા રાજવી ઉત્સવોમાં ફટાકડા અત્યંત લોકપ્રિય બની ગયા. આ લોકપ્રિયતાને ધ્યાનમાં રાખીને ૧૯મી સદીમાં કોલકાતા ખાતે ગોપાલ મહેન્દ્ર દ્વારા ભારતની સૌપ્રથમ ફટાકડાની ફેક્ટરી શરૂ કરવામાં આવી હતી.

ફટાકડાના મુખ્ય બળતણ તરીકે ગન પાવડર (પોટેશિયમ નાઇટ્રેટ, સલ્ફર અને ચારકોલ) હોય છે. આમાં પોટેશિયમ નાઇટ્રેટ એક ઓક્સિડાઇઝર તરીકે કાર્ય કરે છે, જે બળતણને ઓક્સિજન પૂરો પાડે છે. આનાથી વાયુ (કાર્બન ડાયોક્સાઇડ) ઉત્પન્ન થાય છે અને એકાએક દબાણ વધતાં ધ્વનિ તથા પ્રકાશ સાથે વિસ્ફોટ થાય છે. આ પ્રક્રિયાને એક્સોથર્મિક રેડોક્સ પ્રક્રિયા કહે છે.

### વિજ્ઞાન: ફટાકડામાંથી નીકળતા અલગ-અલગ રંગો ધાતુના ક્ષારોને લીધે બને છે

લાલ સ્ટ્રોન્ટિયમ. વાદળી – તાંબુ / કોપર, પીળો–સોડિયમ, લીલો–બેરીયમ, નારંગી–કેલ્શિયમ, સફેદ– ટાઇટેનિયમ, એલ્યુમિનિયમ, મેગ્નેશિયમ, જાંબલી: પોટેશિયમ, રૂબીડિયમ કે સીઝિયમ, અવાજ અને રોશની (તારા)– ફટાકડાની અંદર રહેલી નાની રંગીન ગોળીઓને તારા કહેવામાં આવે છે. ફટાકડામાં રહેલા ગન પાવડરના ઝડપી દહનથી ગરમ વાયુઓ ખૂબ જ ઝડપથી વિસ્તરે છે, જેના કારણે દબાણની તરંગો બને છે અને મોટો વિસ્ફોટ કે બૂમનો અવાજ ઉત્પન્ન થાય છે. જ્યારે તારા જેવા ડ્રેગન્સ એગ્સ કે સીટી જેવા અવાજો ચોક્કસ કાર્બનિક સંયોજનોના નિયંત્રિત બર્નિંગથી થાય છે. ફટાકડાની ક્ષણિક ખુશી પર્યાવરણ અને પૃથ્વી માટે ખૂબ જ નુકસાનકારક સાબિત થાય છે. ફટાકડામાંથી નીકળતો ધુમાડો કાર્બન ડાયોક્સાઇડ, કાર્બન મોનોક્સાઇડ, સલ્ફર ડાયોક્સાઇડ અને નાઇટ્રોજન જેવા અત્યંત ઝેરી વાયુઓ મુક્ત કરે છે.

**–દિપ્તી હરખાની**



## દારૂની ૨૩૮ બોટલ કાર મળી ૧,૮૯ ,૨૨૮નો મુદ્દામલ કબજે કરતી PCB

# દારૂ ભરેલી કાર સાથે એક શખ્સ ઝડપાયો

રાજકોટ તા. ૨૮

પીસીબીના પીઆઈ એમ. આર.ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ પી.સી.બી.ના પોલીસ અધિકારી અને કર્મચારીઓ પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન હેડ કોન્સ્ટેબલ કિરતસિંહ ઝાલા અને વાલજીભાઇ જાડાને બાતમી મળી કે, માનસરોવર, સુંદરમ પાર્કમાં ઉભેલી એક કારમાં વિદેશી દારૂનો જથ્થો પડ્યો છે.

બાતમીના આધારે પીસીબીના પીઆઈ એમ.આર.ગોંડલીયા, પીએસઆઈ પી.બી.ત્રાજીયા, આર.કે. જાડેજા, એ.એસ.આઇ. મયુરભાઇ પાલરીયા, સંતોષભાઇ મોરી, મહીપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, અનિલભાઇ સોનારા, હેડ કોન્સ્ટેબલ કિરતસિંહ ઝાલા, વિરેન્દ્રસિંહ જોડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઇ મેતા, ઉમેશભાઇ ચાવડા, દિલીપભાઇ બોરીચા, વાલજીભાઇ જાડા, નગીનભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકી, સંજયકુમાર રૂપાપરા, કોન્સ્ટેબલ યુવરાજસિંહ રાણા, દેવરાજભાઇ કળોતરા, હિરેન્દ્રસિંહ પરમાર, વિશાલભાઇ દવે, હરપાલસિંહ જોડેજા અને ડ્રાઇવર હેડ કોન્સ્ટેબલ જયેશભાઇ ગઢવી વિગેરેએ ટીમ બનાવીને માન સરોવર સુંદરમ પાર્ક શેરી નંબર ત્રણના છેડે આવેલા કોમન પાર્કીંગમાં દરોડો પાડ્યો હતો.

જ્યાં પાર્ક કરેલી જી.જે.૨૪.એ.૭૭૩૫ નંબરની કાર સાથેના શંકાસ્પદ શખ્સને પકડી પૂછપરછ કરતા તે આજી વસાહત ખોડીયાનગર શેરી નંબર ૭ ના ખુણે સંઘાર હોટલની બાજુમાં, રાજકોટ રહેતો પરાક્રમસિંહ પ્રવિણસિંહ જાડેજા હોવાનું પોલીસને જણાવ્યું હતું. દરમિયાન પોલીસે કારમાં તપાસ કરતા તેમાંથી ૧,૧૯,૨૨૮ ની દારૂની ૨૩૮ બોટલ હાથ લાગી હતી. પોલીસે કાર, દારુ મળી ૧,૮૯,૨૨૮નો મુદ્દામાલ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જુવેનાઈલ ડાયાબિટીસ ફાઉન્ડેશન દ્વારા રવિવારે જાગૃતિ કાર્યક્રમ

## વર્લ્ડ ડાયાબિટીસ ડે ના ઉપક્રમે એજ્યુકેશનલ અને અવેરનેસ કાર્યક્રમ મહાનુભાવે રહેશે ઉપસ્થિત

રાજકોટ, તા. ૨૮

જુવેનાઈલ ડાયાબીટીસ ફાઉન્ડેશન, રાજકોટ દ્વારા ''જાગૃતિથી સશક્તિકરણ'' ના ધ્યેય સાથે ટાઈપ-૧ ડાયાબિટીસથી પીડિત બાળકો અને પરિવારજનો માટે વર્લ્ડ ડાયાબિટીસ ડે ના ઉપક્રમે એજ્યુકેશનલ અને અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ તારીખ ૧-૧૧-૨૦૨૬, રવિવારના રોજ સવારે ૧૦:૩૦ વાગ્યે કે પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ, આલાપ ગ્રીન સિટી સામે, રૈયા રોડ, રાજકોટ ખાતે યોજાનાર છે.

આ સમારંભના ઉદ્ઘાટકોમાં વલ્લભભાઈ સતાણી (ચેરમેન-શ્રીરામ એરોસ્પેસ ડિફેન્સ), મહિપાલસિંહ ચુડાસમા (એમ.ડી.-પી.જી.વી.સી.એલ.), કિશનભાઈ પરમાર (યુ-પે પ્રાઇવેટ લિમિટેડ), ધૈર્યભાઈ પારેખ (કોર્પોરેટર-આર.એમ.સી.), અનિલભાઈ દેસાઈ (ખ્યાતનામ એડવોકેટ, જૈન શ્રેષ્ઠી), ડો. ચેતન મહેતા (ખ્યાતનામ ગેસ્ટ્રોએન્ટેરોલોજિસ્ટ), અજયભાઈ શેઠ (એ.એન.એસ. સિક્યુરિટી) અને અશ્વિનભાઈ કુંભાણી (ખ્યાતનામ ઉદ્યોગપતિશ્રી, દાતા ઉપસ્થિત રહેશે.

પરષોત્તમભાઈ રૂપાલા (સાંસદસભ્ય - રાજકોટ), ડો. નેહલ શુકલ (મેયર - આર.એમ.સી.), રમેશભાઈ ટીલાળા (ધારાસભ્ય), ડો. દર્શીતા શાહ (ધારાસભ્ય), ડો. માધવ દવે (પ્રમુખ - રાજકોટ શહેર ભાજપ), પરેશભાઈ પીપળીયા (સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન - આર.એમ.સી.), અશોકભાઈ ઝીંઝુવાડિયા (રાધિકા જવેલર્સ), સંજયભાઈ પટેલ (સી.ઇ.ઓ. ચેરમેન - કોટમબોટ), નરેન્દ્રસિંહ જાડેજા (પ્રમુખ - લોધીકા તાલુકા સંઘ), રાજેશભાઈ મહેતા (અગ્રણી દાતા, બાલક), કમલેશભાઈ શાહ (ખ્યાતનામ એડવોકેટ, જૈન શ્રેષ્ઠી), ભરતભાઈ શાહ (અગ્રણી દાતા, ઉદ્યોગપતિ), મેહુલભાઈ રાયમગીયા (મેહુલ ટેલિકોમ), રમેશભાઈ સિદપરા (ખ્યાતનામ ઉદ્યોગપતિ), રામભાઈ મોકરીયા (માજી. રાજ્ય સભાના સદસ્ય), તુષાર સુમેરા (કમિશનર - આર.એમ.સી.), દક્ષાબેન વસાણી (ડેપ્યુટી મેયર - આર.એમ.સી.), પરસોત્તમભાઈ કામાણી (ચેરમેન - ડોક્ટર પંપ), નીતિનભાઈ કામદાર (અગ્રણી ઉદ્યોગપતિ, જુલિયાના ફેશન), મનીષભાઈ ભટ્ટ (ચેરમેન - સોશિયલ વેલ્ફેર કમિટી, કોર્પોરેટર - આર.એમ.સી.), અમૃતભાઈ ગઢિયા (પ્રમુખ - શાપર વેરાવળ ઇન્ડસ્ટ્રિયલ એસો.), ડો. એમ. વી. વેકરીયા (પ્રમુખ - મેડિકલ પ્રેકટી. એસો. રાજકોટ), રાજુભાઈ ધ્રુવ (પ્રદેશ કારોબારી સભ્ય), કૌશિકભાઈ કામાણી (ક્રિસ્ટલ બેવરિજિઝ), અને પપ્પુભાઈ કારીયા (કેમિકલ મેન્યુફેકચર) ઉપસ્થિત રહેશે.




# ક્રાંતિકારી નિર્ણય : જમીન માપણી સંપૂર્ણપણે ફ્રી

## મહેસૂલ વિભાગે સરકારી ખરાબા-ગૌચરના દબાણો હટાવવા ગુજરાત સરકારનો માસ્ટરસ્ટ્રોક



રાજકોટ, તા. ૨૮

સરકારી મિલકતો, ગૌચર અને જાહેર રસ્તાઓ પર લાલિયાવાડી ચલાવતા દબાણકારો અને ભૂમાફિયાઓની હવે ખેર નથી! ગુજરાત સરકારના મહેસૂલ વિભાગે સરકારી ખરાબા અને સાર્વજનિક માર્ગો પરના ગેરકાયદે દબાણોને સપાટાભેર નેસ્તોનાબૂદ કરવા માટે એક અત્યંત ક્રાંતિકારી અને કડક વહીવટી નિર્ણય લીધો છે. રાજ્ય સરકારે સ્પષ્ટ કર્યું છે કે હવેથી સરકારી જમીનો તેમજ સાર્વજનિક માર્ગોની હદ નક્કી કરવા માટે કરવામાં આવતી જમીન માપણીની તમામ પ્રક્રિયાઓ સંપૂર્ણપણે વિનામૂલ્યે હાથ ધરવામાં આવશે. આ અંગે મહેસૂલ વિભાગ દ્વારા મહત્વપૂર્ણ પરિપત્ર પણ જાહેર કરી દેવામાં આવ્યો છે, જેના કારણે સરકારી જમીનો પર નજર બગાડીને બેઠેલા તત્વોમાં ભારે હડકંપ મચી ગયો છે.

સામાન્ય નિયમ મુજબ અત્યાર સુધી કોઈ પણ જમીનની હદ માપણી માટે ભૂમિ રેકર્ડ કચેરી (DILR) સમક્ષ નિર્ધારિત સરકારી ફી જમા કરાવવી પડતી હતી. સરકારી જમીનો કે માર્ગોના કિસ્સામાં સંબંધિત પંચાયત, પાલિકા કે માર્ગ-મકાન વિભાગ દ્વારા ફી મંજૂર કરાવવાની આ વહીવટી પ્રક્રિયાઓમાં ઘણો લાંબો સમય વેડફાઈ જતો હતો. પરિણામે માપણીની કામગીરી મહિનાઓ સુધી અટકી રહેતી હતી અને દબાણકારો તેનો ગેરલાભ ઉઠાવીને વધુ દબાણો વધારી દેતા હતા. પરંતુ મહેસૂલ વિભાગના આ નવા પરિપત્ર મુજબ હવે આવા કેસોમાં કોઈપણ પ્રકારની માપણી ફી વસૂલવામાં આવશે નહીં, જેનાથી વર્ષો જૂની વહીવટી આંટીઘૂંટીઓ અને લાલફીતાશાહી કાયમ માટે દૂર થઈ ગઈ છે.

રાજ્યભરમાં સરકારી માલિકીની જમીનો, નદી-નાળાના પટ તેમજ સ્ટેટ હાઈવે અને પંચાયતના જાહેર રસ્તાઓની બંને બાજુએ ગેરકાયદે બાંધકામો અને દબાણોની ફરિયાદો સતત વધી રહી છે. હદ નક્કી ન હોવાના કારણે વહીવટી તંત્ર ઘણીવાર ઈચ્છીને પણ સીધા ડિમોલિશનની કાર્યવાહી કરી શકતું નહોતું. હવે મફત અને ઝડપી માપણી થઈ શકશે, જેથી સરકારી જમીનની ચોક્કસ સીમાઓ તાત્કાલિક નક્કી થઈ જશે. સીમાંકન સ્પષ્ટ થતાં જ ગેરકાયદેસર કબ્જેદારો સામે ગુજરાત લેન્ડ ગ્રેબિંગ એક્ટ (Gujarat Land Grabbing Act) તેમજ બુલડોઝર ડિમોલિશનની કાર્યવાહી યુદ્ધના ધોરણે હાથ ધરી શકાશે.

પરિપત્રમાં સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો છે કે, સરકારી જમીનો કે રસ્તાઓની માપણી માટેની દરખાસ્ત આવે ત્યારે ભૂમિ રેકર્ડ કચેરી અને માપણી અધિકારીઓએ કોઈપણ જાતના વિલંબ વિના શક્ય તેટલી વહેલી તકે માપણી પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે. આ કામગીરીને સર્વોચ્ચ અગ્રતા આપવા માટે તમામ જિલ્લા કલેક્ટરો અને સંબંધિત તાલુકા મામલતદારોને સખત તાકીદ કરવામાં આવી છે. રસ્તાઓની હદ માપણી ઝડપી બનવાથી માર્ગ વિસ્તરણ, નવા પુલો અને ટાઉન પ્લાનિંગના અટકેલા પ્રોજેક્ટ્સને પ્રચંડ વેગ મળશે. જાહેર રસ્તાઓ પર થયેલા દબાણો દૂર થવાથી આમ જનતાને ટ્રાફિકની ગંભીર સમસ્યામાંથી મોટી રાહત મળશે અને સરકારી પ્રોજેક્ટ્સમાં થતો સમયનો વ્યય અટકશે. મહેસૂલ વિભાગના આ કડક, પારદર્શક અને આક્રમક પગલાથી ભૂમાફિયાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે અને આગામી દિવસોમાં રાજ્યભરમાં દબાણો સામે મોટા પાયે સપાટો બોલાવવામાં આવે તેવાંધાણાં સ્પષ્ટ દેખાઈ રહ્યા છે.

**શહેરીજનોના આરોગ્ય અને શુદ્ધ ખોરાકના અધિકાર સાથે ચેડાં કરતા બેજવાબદાર તત્વો સામે કાર્યવાહી**

# પ્રજાના સ્વાસ્થ્ય સાથે રમત રમતા સાવધાન

## માંસ-મટ્ટન વિક્રેતાઓને ૮૦,૦૦૦નો દંડ : લેબ ટેસ્ટ ફેઈલ જતા એડિશનલ કલેક્ટરે દંડ ફટકારીને દાખલો બેસાડ્યો




રાજકોટ, તા. ૨૮

શહેરીજનોના આરોગ્ય અને શુદ્ધ ખોરાકના અધિકાર સાથે સીધા ચેડાં કરતા બેજવાબદાર તત્વો સામે રાજકોટ વહીવટી તંત્ર દ્વારા હવે આરપારની લડાઈ લડવામાં આવી રહી છે. ખાણીપીણીની ચીજવસ્તુઓમાં ગુણવત્તાના ધોરણો જળવાઈ રહે અને ગંદકીના સામ્રાજ્ય વચ્ચે વેપાર કરતા લોકો પર લગામ કસાય તે હેતુસર તંત્ર એક્શન મોડમાં છે. તાજેતરમાં જ શહેરના જાણીતા એવા કૃષ્ણપરા અને પરાબજાર વિસ્તારમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલી આક્રમક ચકાસણી દરમિયાન અનહાઈજેનિક કંડિશનમાં અને અનસ્ટેમ્પ્ડ (સરકારી મંજૂરી વગરનું અપ્રમાણિત) માંસ-મટ્ટનનું વેચાણ પકડાયું હતું, જેના પગલે એડિશનલ કલેક્ટર જે.એચ. બારોટે આઠ કુખ્યાત વેપારીઓ વિરુદ્ધ લાલ આંખ કરી રૂા. ૮૦,૦૦૦નો જંગી દંડ ફટકારતા ખાણીપીણીના ધંધાર્થીઓમાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, વહીવટી તંત્રને અગાઉથી જ એવી ફરિયાદો અને ઈનપુટ્સ મળી રહ્યા હતા કે કેટલાક વિસ્તારોમાં ગ્રાહકોના સ્વાસ્થ્યને જોખમમાં મૂકીને નબળી ગુણવત્તાવાળા અને ગંદા વાતાવરણમાં માંસ-મટ્ટનનું વેચાણ થઈ રહ્યું છે. આ ગંભીર બાબતને ધ્યાને લઈ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમે પરાબજાર અને કૃષ્ણપરા વિસ્તારમાં અચાનક દરોડા પાડીને માંસ-મટ્ટનના વિવિધ નમૂનાઓ એકત્રિત કર્યા હતા. આ સેમ્પલ્સને ગુણવત્તા ચકાસણી માટે સરકારી લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા હતા, જ્યાં લેબના રિપોર્ટ્સ ચોંકાવનારા આવ્યા હતા. લેબ ટેસ્ટમાં આ તમામ નમૂનાઓ ફેલ સાબિત થયા હતા, જે સ્પષ્ટ સાબિત કરતું હતું કે આ વેપારીઓ દ્વારા ગ્રાહકોને અનારોગ્યપ્રદ અને હાનિકારક ખાદ્ય પદાર્થો પીરસવામાં આવી રહ્યા હતા.

લેબ રિપોર્ટ નેગેટિવ આવ્યા બાદ ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ હેઠળ આ તમામ કસૂરવાર વેપારીઓ સામે કાનૂની કાર્યવાહીનો ધમધમાટ શરૂ થયો હતો. આ અંગેનો કેસ એડિશનલ કલેક્ટર જે.એચ. બારોટની કોર્ટ સમક્ષ ચલાવવામાં આવ્યો હતો. બંને પક્ષોની દલીલો અને પુરાવાઓને ધ્યાનમાં રાખીને, અધિક કલેક્ટરે કાયદાનું કડક પાલન કરાવતા કૃષ્ણપરા અને પરાબજારના આઠેય વેપારીઓને પ્રત્યેકને રૂા. ૧૦,૦૦૦ લેખે કુલ રૂા. ૮૦,૦૦૦નો દંડ ફટકાર્યો હતો.

આ દંડની કાર્યવાહીની ઝપેટમાં આવનાર વેપારીઓમાં હાજીઅલી રહેમાનભાઈ કટારીયા (એસ. મીરા ચિકન શોપ), યુનુસ ગફારભાઈ માંડલીયા, જાવીદ ઉમરભાઈ ચૌહાણ, ગનીભાઈ ગફારભાઈ કટારીયા, સોએબભાઈ ચૌહાણ (વસીલા મટન શોપ), હુસેન અહમદભાઈ ચૌહાણ, રફીકભાઈ ચૌહાણ અને ઈકબાલભાઈ ઈસ્માઈલભાઈ ચૌહાણનો સમાવેશ થાય છે. તંત્રના આ કડક નિર્ણયથી માત્ર આ વિસ્તારના જ નહીં પરંતુ સમગ્ર શહેરમાં ગેરકાયદેસર અને અસ્વચ્છ રીતે માંસ-મટ્ટન કે અન્ય ખાદ્ય ચીજો વેચતા વેપારીઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે. વહીવટી તંત્ર દ્વારા સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપવામાં આવી છે કે ભવિષ્યમાં પણ જો કોઈ વેપારી દ્વારા નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં કરવામાં આવશે તો તેની સામે વધુ કડક ફોજદારી અને દંડાત્મક પગલાં ભરવામાં આવશે.

# જંગલ સાચવનાર વનરક્ષક ન્યાય માટે મેદાને

## ગાંધીનગર સત્યાગ્રહ છાવણીથી વનકર્મચારીઓનો હુંકાર, બજેટ અને જંગલ વધ્યા, તો રક્ષકોનું મહેકમ કેમ ઘટ્યું?




રાજકોટ, તા. ૨૮

જ્યાં નેતા કે બાબુ જતાં ડરે છે, ત્યાં હાથમાં માત્ર એક લાકડી લઈને જંગલ અને વન્યજીવોનું રક્ષણ કરવા માટે વનરક્ષક તૈનાત રહે છે! પોતાના જીવના જોખમે રાત-દિવસ રાજ્યના જંગલો, સિંહ, વાઘ અને તમામ વન્યજીવોનું જતન કરતા વનરક્ષક તથા વનપાલ કર્મચારીઓ આજે પોતાના ન્યાયી હક અને અધિકાર મેળવવા માટે ગાંધીનગરના સત્યાગ્રહ છાવણી ખાતે એકઠા થઈને સંગઠિત અવાજ ઉઠાવી રહ્યા છે. વન કર્મચારી મંડળ દ્વારા પોતાની વર્ષો જૂની અને પેન્ડિંગ માગણીઓનો તાત્કાલિક ઉકેલ લાવવા માટે સરકાર સામે જોરદાર બ્યુગલ ફૂંકવામાં આવ્યું છે.

રાજ્યમાં એક તરફ પ્રકૃતિ પ્રવાસન, જંગલ વિસ્તાર અને વન્યજીવોની સંખ્યામાં મોટો વધારો થયો છે, તો બીજી તરફ વન વિભાગનું બજેટ પણ કરોડો રૂપિયા વધી ગયું છે. પરંતુ દુઃખની વાત એ છે કે આટલી વિષમ પરિસ્થિતિઓમાં પણ જંગલો અને પ્રાણીઓનું પ્રત્યક્ષ રક્ષણ કરનારા જવાનોનું મહેકમ સતત ઘટી રહ્યું છે. કામનું ભારણ અને જોખમ વધવા છતાં કર્મચારીઓને તેમના વાસ્તવિક હક અને યોગ્ય વેતનથી વંચિત રાખવામાં આવી રહ્યા છે.

વનકર્મચારીઓ મુખ્યત્વે ચાર મહત્ત્વની અને ન્યાયી માગણીઓ સાથે મેદાને પડ્યા છે. પ્રથમ, જંગલમાં હિંસક પ્રાણીઓ અને વનમાફિયાઓ સામે લડતા વનરક્ષક તથા વનપાલ કર્મચારીઓની ફિલ્ડ સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આવે અને તેમને તુરંત સિક્યુરિટી એલાઉન્સ એટલે કે જોખમ ભથ્થું આપવામાં આવે. બીજું, રજાના દિવસે પણ નિષ્ઠાપૂર્વક બજાવવામાં આવતી ફરજનો વાર્ષિક રજા પગાર ૪૮ દિવસની મર્યાદાને બદલે પૂરેપૂરો આપવો જોઈએ તેમજ તેનું ચૂકવણું પણ પોલીસ વિભાગના ધારાધોરણ મુજબ બેઝિક + ઉઅ ના આધારે જ થવું જોઈએ.

ત્રીજું અને સૌથી ગંભીર બાબત એ છે કે વર્ગ-૪ ના રોજમદારોને રૂ. ૧૯૦૦ ગ્રેડ-પે મળે છે, જ્યારે રાત-દિવસ ટાઢ, તડકો અને વરસાદ વેઠીને ફરજ બજાવતા વર્ગ-૩ ના વનરક્ષક કેડરને ઓછું વેતન મળવાની ગંભીર પગાર વિસંગતતા જોવા મળે છે. આ અન્યાયી વિસંગતતા દૂર કરવા માટે ઉચ્ચ કક્ષાની વિભાગીય સમિતિ રચી, સમગ્ર પગાર માળખાની સમીક્ષા કરી નાણાં વિભાગમાં યોગ્ય દરખાસ્ત રજૂ કરવામાં આવે. ચોથું, વનરક્ષક અને વનપાલ કર્મચારીઓની લાંબા સમયથી પેન્ડિંગ રહેલી સામાન્ય તેમજ આંતર-વર્તુળ બદલીઓની અરજીઓનો પણ કોઈપણ વિલંબ વગર તાત્કાલિક ધોરણે ઉકેલ લાવવામાં આવે.

આજે વનકર્મચારીઓ એક જ અવાજે સરકારને સીધો સવાલ પૂછી રહ્યા છે કે: પ્રાણીઓ વધ્યા, જંગલ વધ્યું અને સાહેબોનું બજેટ પણ વધ્યું; તો પછી રાત-દિવસ રક્ષણ કરનારા જવાનોનું મહેકમ કેમ ઘટ્યું? જંગલમાં સિંહ સામે લડનારો વનરક્ષક હવે ગાંધીનગરની કલમ અને નીતિઓ સામે ક્યારેય ઝૂકશે નહીં. પોતાના હક, સન્માન અને ન્યાય માટે કર્મચારીઓ આરપારની લડાઈના મૂડમાં છે અને જ્યાં સુધી સરકારી સ્તરેથી તેમની વાજબી માગણીઓનો સકારાત્મક અને લેખિત ઉકેલ નહીં આવે ત્યાં સુધી આ સત્યાગ્રહ આંદોલન વધુ મક્કમતાથી આગળ ધપાવવાની ચીમકી આપવામાં આવી છે.

# ૧૭૦ તલાટીઓની સાગમટે બદલી

## મનગમતી જગ્યાએ સેટ થવા એડીચોટીનું જોર લગાવનારાઓ માટે મોટો ઝટકો, તુરંત ચાર્જ સંભાળવા આદેશ




રાજકોટ, તા. ૨૮

દિવાળીના પર્વની ઉજવણી અને રજાઓના માહોલ વચ્ચે રાજકોટ જિલ્લા પંચાયતના વહીવટી તંત્ર દ્વારા એવો ધડાકો કરવામાં આવ્યો છે જેણે સમગ્ર જિલ્લાના પંચાયત બેડામાં સન્નાટો વ્યાપી દીધો છે. રાજકોટ જિલ્લા પંચાયતના નાયબ જિલ્લા વિકાસ અધિકારી પી.એચ. ગળચર દ્વારા એકીસાથે ૧૭૦ જેટલા તલાટી કમ મંત્રીઓની સાગમટે બદલી કરી નાખવાના સત્તાવાર હુકમો જારી કરી દેવામાં આવ્યા છે. પર્વ પૂર્વે જ ઈશ્યુ કરાયેલા આ આદેશોમાં માત્ર બદલી જ નથી કરવામાં આવી, પરંતુ તમામ તલાટીઓને તાત્કાલિક અસરથી જ પોતાના નવા નિયોજિત સ્થળ પર હાજર થઈને ચાર્જ સંભાળી લેવા માટે કડક ફરમાન પણ કરી દેવાતાં કર્મીઓની દિવાળીની મીઠાશ ફીકી પડી ગઈ છે.

ઉલ્લેખનીય છે કે જિલ્લા પંચાયતના તલાટીઓ માટે છેલ્લા લાંબા સમયથી બદલીનો મુદ્દો ચર્ચાના કેન્દ્રસ્થાને હતો અને તમામ કર્મચારીઓ આ ઓર્ડરોની આતુરતાપૂર્વક પ્રતિક્ષા કરી રહ્યા હતા. આ સમયગાળા દરમિયાન અનેક તલાટીઓએ પોતાની અનુકૂળતા મુજબના, સુવિધાજનક કે મનપસંદ સ્થળ પર ગોઠવાઈ જવા માટે આકાશી-પાતાળ એક કરી મૂક્યા હતા. પોતપોતાના લેવલે એડીચોટીનું જોર લગાવીને ઈચ્છિત જગ્યા મેળવવા માટે ભારે લોબિંગ પણ કરવામાં આવ્યું હોવાની ચર્ચા વહીવટી વર્તુળોમાં જોરશોરથી ચાલી રહી હતી. જોકે, તંત્ર દ્વારા આખરે તમામ સમીકરણો બાજુ પર મૂકી વહીવટી જરૂરિયાતો તેમજ કર્મચારીઓની રજૂઆતોને ધ્યાને રાખીને આટલા મોટા પાયે આંતરિક બદલીનો આકરો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સાગમટે કરાયેલી બદલીઓની વ્યાપક અસર રાજકોટ જિલ્લાના તમામ મુખ્ય તાલુકાઓ પર જોવા મળી છે. જેમાં રાજકોટ, લોધીકા, પડધરી, ધોરાજી, જેતપુર, જામકંડોરણા, જસદણ, ગોંડલ, કોટડાસાંગાણી, ઉપલેટા અને વિંછીયા સહિતના તમામ તાલુકાઓના તલાટીઓનો સમાવેશ થાય છે. તહેવારોના દિવસોમાં જ આ પ્રકારે કડક વહીવટી નિર્ણય લેવાતાં એકતરફ બદલી પામેલા કર્મચારીઓમાં ભાગદોડ અને અસંતોષનો માહોલ સર્જાયો છે, તો બીજીતરફ વહીવટી તંત્ર દ્વારા સ્પષ્ટ સંકેત આપી દેવાયો છે કે કામગીરી અને શિસ્ત બાબતે કોઈ પણ પ્રકારની મોકળાશ આપવામાં આવશે નહીં. તહેવારના સમયે જ તાત્કાલિક હાજર થવાના આદેશથી ગ્રામ્ય સ્તરનું તંત્ર કેટલું ઝડપથી પુનઃ ગોઠવાશે તેના પર સૌની નજર ટકેલી છે.

# દિવાળી ટાણે જ એસ.ટી. વિભાગની લાલ આંખ

## 'આલ્કોહોલ ડ્રાઈવ'માં નશામાં ધૂત ડ્રાઈવર ઝડપાયો, સ્ટીયરીંગ પકડે તે પહેલાં જ ભાંડો ફૂટ્યો



રાજકોટ, તા. ૨૮

દિવાળી અને તહેવારોની મોસમમાં જ્યારે હજારો નાગરિકો પોતાના વતન જવા માટે એસ.ટી. બસોનો સહારો લેતા હોય છે, ત્યારે મુસાફરોના જીવ સાથે ચેડાં કરતા બેદરકાર તત્વો સામે રાજકોટ એસ.ટી. વિભાગે સકંજા કસ્યો છે. તહેવારોની ભીડભાડ વચ્ચે મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે એસ.ટી. તંત્ર દ્વારા અચાનક 'આલ્કોહોલ ડ્રાઇવ' હાથ ધરવામાં આવી હતી. આ વિશેષ ચેકિંગ દરમિયાન રાજકોટ ડેપોમાંથી જ એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં યુવરાજસિંહ ગોહિલ નામનો ડ્રાઇવર ખુલ્લેઆમ નશાની હાલતમાં ફરજ પર પહોંચ્યો હોવાનું બહાર આવતાં ખળભળાટ મચી ગયો છે.

ઘટનાની વિગતો મુજબ, રાજકોટ ડેપોનો ડ્રાઇવર યુવરાજસિંહ ગોહિલ બસ લઈને રૂટ પર પ્રસ્થાન થવાની તૈયારીમાં જ હતો. તે બસનું સ્ટેરિંગ પકડીને મુસાફરોનો જીવ જોખમમાં મૂકે તે પહેલાં જ એસ.ટી. વિભાગની સચેત ટીમે તેને અટકાવીને આલ્કોહોલ ટેસ્ટ (બ્રેથ એનાલાઇઝર ટેસ્ટ) કર્યો હતો. આ ટેસ્ટમાં તેનો રિપોર્ટ પોઝિટિવ આવતા જ અધિકારીઓના હોશ ઉડી ગયા હતા. સદનસીબે, સમયસર પકડાઈ જવાના કારણે એક મોટી સંભવિત હોનારત ટળી ગઈ હતી અને અસંખ્ય મુસાફરોના પ્રાણ બચી ગયા હતા.

આ સઘન ચેકિંગ અભિયાન અંતર્ગત એસ.ટી. વિભાગ દ્વારા માત્ર એક જ વ્યક્તિ નહીં, પરંતુ સુરક્ષાના ભાગરૂપે ડ્રાઇવર અને કંડક્ટર સહિત કુલ ૩૦ જેટલા કર્મચારીઓની ચકાસણી કરવામાં આવી હતી. તહેવારોની મોસમમાં મુસાફરોના જીવન સાથે ખેલ કરવાનો આ ગંભીર મામલો સામે આવ્યા બાદ એસ.ટી. નિગમનું વહીવટી તંત્ર પણ પૂરતી હરકતમાં આવી ગયું છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, નશાની હાલતમાં ઝડપાયેલા ડ્રાઇવર યુવરાજસિંહ ગોહિલ સામે એસ.ટી. વિભાગ દ્વારા અત્યંત કડક ખાતાકીય પગલાં લેવાની તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ફરજ દરમિયાન દારૂનું સેવન કરવા બદલ તેને નોકરીમાંથી સીધો જ 'ડિસમિસ' (બરતરફ) કરવામાં આવે તેવી પૂરેપૂરી સંભાવના છે. તહેવારો ટાણે એસ.ટી. વિભાગ દ્વારા લેવાયેલી આ આકરી અને શિસ્તબદ્ધ કાર્યવાહીથી અન્ય બેજવાબદાર કર્મચારીઓમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે.

**રાજકોટવાસીઓ માટે રાહતના મોટા સમાચાર**

# વરસાદની ખેંચ છતાં શહેરમાં જળસંકટ નહીં સર્જાય

## દિવાળી પહેલા આજી-ન્યારીમાં ઠલવાશે નર્મદાના નીર : મેયર નેહલ શુક્લની જાહેરાત, પાણીનો વેડફાટ ન કરવા જનતાને અપીલ




રાજકોટ તા. ૨૮

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રભરમાં આ વર્ષે મેઘરાજાની કૃપા ઓછી રહી હોવાના કારણે આગામી દિવસોમાં પાણીની ગંભીર સમસ્યા સર્જાવાની ભીતિ સેવાઈ રહી હતી અને નાગરિકોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતું, પરંતુ આ તમામ અટકળો અને ચર્ચાઓ વચ્ચે રાજકોટના મેયર નેહલ શુક્લએ એક સ્પષ્ટ અને વિશ્વાસઘર નિવેદન આપીને રાજકોટવાસીઓને મોટી રાહત આપી છે. મેયરના જણાવ્યા અનુસાર સૌરાષ્ટ્ર અને રાજકોટ પર કોઈ જળસંકટ નહીં તોળાય કારણ કે રાજ્ય સરકાર દ્વારા પાણીની સ્થિતિને પહોંચી વળવા માટે અત્યારથી જ પૂરતું અને મજબૂત આયોજન કરી લેવામાં આવ્યું છે.

વર્તમાન પરિસ્થિતિની વાત કરીએ તો રાજકોટ શહેરના મુખ્ય જળાશયો અને ડેમોમાં હાલ લગભગ એક મહિનો ચાલે તેટલો જ પાણીનો જથ્થો સિલક બચ્યો છે, જેને લઈને તંત્રની ચિંતા વધી હતી પરંતુ રાજ્ય સરકારની સમયસૂચકતાના કારણે હવે સ્થિતિ કાબૂ હેઠળ છે. રાજકોટવાસીઓને પીવાના પાણીની કોઈ જ કલર કે અછતનો સામનો ન કરવો પડે તે માટે રાજ્ય સરકાર દ્વારા ખાસ માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે, જેના ભાગરૂપે આગામી દિવાળીના પવિત્ર તહેવારો પહેલા જ શહેરની જીવાદોરી સમાન આજી અને ન્યારી ડેમમાં નર્મદાના નીર ઠાલવી દેવામાં આવશે, જેથી તહેવારોની ખુશીઓ વચ્ચે પાણીની ચિંતા બિલકુલ ન રહે.

માત્ર રાજકોટ જ નહીં પરંતુ આ વર્ષે સમગ્ર સૌરાષ્ટ્રભરમાં જ સરેરાશ ઓછો વરસાદ નોંધાયો છે, જેના કારણે પ્રાદેશિક સ્તરે પાણીનું સંકટ ઊભું થઈ શકે તેમ છે. આ ગંભીર બાબતને ધ્યાનમાં રાખીને ગુજરાત રાજ્ય સરકાર દ્વારા માત્ર રાજકોટ જ નહીં પરંતુ સમગ્ર સૌરાષ્ટ્રભરના ગામડાઓ અને શહેરોમાં નિયમિત અને પૂરતા પ્રમાણમાં નર્મદાના નીર મળી રહે તેવી સર્વગ્રાહી વ્યુહરચના ઘડી કાઢવામાં આવી છે જેથી કોઈપણ નાગરિકને તરસ્યા રહેવું નહીં પડે.

તંત્ર દ્વારા ભલે પાણીની વિપુલ વ્યવસ્થાઓ અને આગોતરા આયોજનો કરવામાં આવ્યા હોય, પરંતુ જળ સંચય અને જળ વ્યવસ્થાપનમાં નાગરિકોની ભાગીદારી પણ એટલી જ અનિવાર્ય છે. આ વાત પર ભાર મૂકતા મેયર નેહલ શુક્લએ રાજકોટના તમામ નાગરિકોને એક નમ્ર અને ગંભીર અપીલ કરી છે કે સરકાર અને તંત્ર પોતાની જવાબદારી નિભાવીને ડેમો ભરી આપશે, પરંતુ જનતાએ પણ જાગૃત બનીને પાણીનો બગાડ અટકાવવો જોઈએ અને પાણીના પ્રત્યેક ટીપાનો કરકસરપૂર્વક ઉપયોગ કરવો જોઈએ જેથી આ વિકટ વર્ષમાં પણ પાણીની કોઈ કમી ન વર્તાય.

# ગંજેરી જમાત

## યુવા વર્ગ હાઇબ્રિડ ગાંજાના રવાડે, મહાકાય નશા નેટવર્ક



રાજકોટમાં દારૂ અને ડ્રગ્સની સાથે હવે ગાંજાની પણ ધૂમ મચી છે. યુવા વર્ગના નામે નવી હાઈફાઈ ગંજેરી જમાત સર્જાઈ છે. અહેવાલો પ્રમાણે અહીં અવારનવાર ગાંજા પાર્ટીઓ ચાલતી રહે છે. હાલમાં હાઈબ્રિડ ગાંજાની માંગ ખૂબ જ વધી ગઈ છે. રાજકોટની નાની શેરીઓથી માંડીને આંતરરાષ્ટ્રીય સ્તર સુધી આ નશાનું નેટવર્ક જામ્યું હોવાના અહેવાલો મળી રહ્યા છે.

આ ગેરકાનૂની નશાનો મહાકાય પડકાર રાજકોટ અને સમગ્ર સૌરાષ્ટ્રમાં સર્જાયો છે. રાજકોટના રૈયા રોડ પર આવેલા યોગીનગર વિસ્તારમાં એસઓજીએ દરોડો પાડીને એક મહિલાને રૂ. ૨૩.૮૦ લાખના ૬૮૦ ગ્રામ હાઈબ્રિડ ગાંજાના જથ્થા સાથે ઝડપી લીધી હતી. આ મહિલાના રસોડાના પ્લેટફોર્મ પર પ્લાસ્ટિકની બેગમાં વીંટાડેલો આ ગાંજો પડેલો હતો. આ કૌભાંડમાં મુંબઈ સ્થિત સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સરના ભાઈ ગૌતમ દવેનું નામ પણ ખુલ્યું છે. આ પ્રકારના કિસ્સાઓ સાબિત કરે છે કે નશાનું નેટવર્ક કેટલું ઊંડું ફેલાયેલું છે.

હાઈબ્રિડ ગાંજો હાઈ-ફાઈ ડ્રગ્સની ગણતરીમાં આવે છે. તે ખૂબ જ મોંઘો હોવાને કારણે મુખ્યત્વે અમીર વર્ગના બંધાણીઓ જ તેનો ઉપયોગ કરે છે. હાલમાં હાઈ-ફાઈ સોસાયટી, યુવાનો અને છાત્રોમાં આની ભારે ડિમાન્ડ જોવા મળે છે. ખાસ કરીને વિદેશથી આ ગાંજો મંગાવવામાં આવે છે. ભારતમાં મુખ્યત્વે થાઈલેન્ડ અને મલેશિયા જેવા દેશોમાંથી હાઈબ્રિડ ગાંજો લાવવામાં આવે છે. ગાંજાના બે અલગ-અલગ છોડ અથવા ઈંડિકા અને સેરીવાને એકબીજા સાથે મેળવીને આ હાઈબ્રિડ ગાંજો તૈયાર કરવામાં આવે છે.

શહેરમાં ડ્રગ્સ પકડવા માટે અગાઉથી એસઓજી કાર્યરત હતી અને હવે એન્ટી નાર્કોટિક્સ વિંગની પણ રચના કરવામાં આવી છે. ડ્રગ્સના બંધાણીઓ વધતા સ્વાભાવિક રીતે તેના પેડલરો પણ વધી ગયા છે. પોલીસ તંત્રએ રણનીતિપૂર્વક આ મહાકાય નેટવર્ક તોડવું જ પડશે, પરંતુ તેની સાથે સમાજે પણ જાગૃત બનવું અનિવાર્ય છે. નવી પેઢી આધુનિકતાના નામે બરબાદ થઈ રહી છે. આ ભયાનક સ્થિતિ સામે લડવા માટે એક સચોટ અને પરિણામલક્ષી જાગૃતિ અભિયાન ચલાવવું પડશે, જેથી યુવાધન સાચા રસ્તે વળી શકે.

# ઓડિશામાં વાવાઝોડા અર્નબે મચાવી તબાહી

## ૩૦,૦૦૦ લોકોનું સ્થળાંતર ; ૬ જિલ્લામાં રેડ એલર્ટ

નવીદિલ્હી, તા. ૨૮

ચક્રવાત અર્ણબના કારણે દેશભરમાં હવામાનમાં અચાનક પલટો આવ્યો છે. ચક્રવાત આંધ્રપ્રદેશના દરિયાકાંઠે તબાહી મચાવી રહ્યું છે. ઓડિશામાં પણ મુશળધાર વરસાદ, ભારે પવન અને વાવાઝોડાને લઈને એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ચક્રવાતની અસરને કારણે ઓડિશામાં ૩૦,૦૦૦ થી વધુ લોકોને સ્થળાંતરિત કરવામાં આવ્યા છે. બુધવારે રાજ્યના સમગ્ર દક્ષિણ ક્ષેત્ર માટે હાઇ એલર્ટ જારી કરવામાં આવ્યું હતું. ડિઝાસ્ટર મેનેજમેન્ટ મંત્રી સુરેશ પૂજારીએ જણાવ્યું હતું કે દક્ષિણ ઓડિશાના તમામ જિલ્લાઓ ચક્રવાતથી પ્રભાવિત થઈ શકે છે, જેમાં સૌથી વધુ ગંભીર અસર મલકાનગિરીમાં થવાની સંભાવના છે. ચક્રવાત હાલમાં આંધ્રપ્રદેશમાં છે અને આજે બપોરે ઓડિશા પહોંચવાની ધારણા છે. સંવેદનશીલ વિસ્તારોમાં કર્મચારીઓ અને સાધનો તૈનાત કરવામાં આવ્યા છે. સંવેદનશીલ વિસ્તારોમાં ૩૧૩ રાહત અને બચાવ ટીમો તૈનાત કરવામાં આવી છે.

આમાં ઓડિશા ડિઝાસ્ટર રેપિડ એક્શન ફોર્સ (ODRAF) ની ૬૦ ટીમો, નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (NDRF) ની ૯ ટીમો અને ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીસની ૨૪૪ ટીમોનો સમાવેશ થાય છે. દક્ષિણ જિલ્લાઓના કેટલાક વિસ્તારોમાં વૃક્ષો ઉખડી પડવાના અહેવાલો છે. મંત્રીએ જણાવ્યું હતું કે કોઈ મોટું નુકસાન થયું નથી. સરકાર ગંજમ, ગજપતિ, રાયગડા, કોરાપુટ, મલકાનગિરી અને નબરંગપુર જિલ્લાઓ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. નીચાણવાળા અને ભૂસ્ખલનથી ગ્રસ્ત વિસ્તારોમાંથી લોકોને રાહત શિબિરોમાં ખસેડવામાં આવી રહ્યા છે. રાજ્યના




૩૦ જિલ્લાઓમાંથી ૧૬ જિલ્લામાં આજે શાળાઓ અને આંગણવાડી કેન્દ્રો બંધ છે. વહીવટીતંત્રે ૨,૦૩૭ ચક્રવાત આશ્રયસ્થાનો તૈયાર કર્યા છે, જેમાં ખોરાક, પીવાનું પાણી અને અન્ય આવશ્યક સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે. કાલાહાંડી, કંધમાલ અને નુઆપાડા જિલ્લામાં પણ તકેદારી રાખવામાં આવી રહી છે.

ચક્રવાતના બાહ્ય પ્રભાવને કારણે કોરાપુટ, રાયગડા, ગજપતિ અને ગંજમ જિલ્લામાં સતત વરસાદ અને જોરદાર પવન ફૂંકાઈ રહ્યો છે. હવામાન વિભાગે મલકાનગિરી, કોરાપુટ, નબરંગપુર, રાયગડા, ગજપતિ અને કાલાહાંડી જિલ્લાઓ માટે રેડ એલર્ટ જારી કર્યું છે, જેમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. પર્વતીય વિસ્તારોમાં સતત વરસાદને કારણે સ્થાનિક ભૂસ્ખલનની શક્યતાને કારણે વહીવટીતંત્ર એલર્ટ પર છે. બારગઢ, સોનેપુર, બૌધ, નુઆપાડા, બોલાંગીર, કંધમાલ, પુરી, ખુર્દા અને નયાગઢ જિલ્લામાં પણ ભારેથી અતિ ભારે વરસાદ અને ૪૦ થી ૬૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાય તેવી શક્યતા છે. ૨૯ ઓક્ટોબરે સુંદરગઢ, ઝારસુગુડા અને બારગઢ જિલ્લામાં ભારે વરસાદ અને ભારે પવન ફૂંકાય તેવી શક્યતાને કારણે ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. ચક્રવાત અર્નબની અસરથી ઓડિશામાં ભારે વરસાદ, ભારે પવન અને વાવાઝોડાનું જોખમ વધ્યું છે. રાજ્યમાં ૩૦,૦૦૦ થી વધુ લોકોને સ્થળાંતર કરાવવામાં આવ્યા છે. વરસાદની શક્યતાને કારણે રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

# CJI સૂર્યકાંતે બંધ કર્યું લાઈવ સ્ટ્રીમિંગ

## વકીલો કોર્ટ કાર્યવાહીનો પ્રચાર માટે ઉપયોગ ન કરે તે માટે લેવાયો નિર્ણય

નવીદિલ્હી, તા. ૨૮

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્તની આગેવાની હેઠળની બેન્ચે સુનાવણી દરમિયાન કાર્યવાહીનું લાઇવ સ્ટ્રીમિંગ અને ઑડિઓ મ્યૂટ કરવાનો આદેશ આપ્યો છે. CJI એ ગઈકાલે (મંગળવાર, ૨૭ ઓક્ટોબર) એક વકીલ સામે નારાજગી વ્યક્ત કરીને પૂછ્યું હતું કે, ''શું તમે આ બધું મીડિયા માટે કહી રહ્યા છો?'' મંગળવારની સુનાવણી દરમિયાન, CJI સૂર્યકાન્તે રાહુલ ગાંધી વિરુદ્ધ અપ્રમાણસર સંપત્તિના કેસની તાત્કાલિક યાદીની માંગ કરનાર વકીલને ઠપકો આપ્યો હતો. તેમણે તાજેતરના એક કાર્યક્રમમાં રાહુલ ગાંધી દ્વારા આપેલા નિવેદનનો ઉલ્લેખ કર્યો હતો. વકીલના જણાવ્યા મુજબ, રાહુલ ગાંધીએ દાવો કર્યો હતો કે તેઓ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ અને સેન્ટ્રલ બ્યુરો ઑફ ઇન્વેસ્ટિગેશનના ૨૦૦ અધિકારીઓ સાથે સંપર્કમાં છે.

જોકે, CJI સૂર્યકાન્તે આ દલીલને વહેલી સુનાવણી માટે પૂરતી ન માની અને વકીલને તેમની મીડિયા વાતચીત વિશે પ્રશ્ન કર્યો. CJI એ કહ્યું કે આ ''ઉલ્લેખ'' માં ''કોઈ તથ્ય નથી''. ''શું તમે આ વિશે કોઈ ન્યૂઝ ચેનલ સાથે વાત કરી છે?'' CJI એ વકીલને પૂછ્યું કે શું આ માંગ ફક્ત પ્રચાર અને ન્યૂઝ ચેનલ હેડલાઈન્સ માટે કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટનું માનવું હતું કે કેટલાક વકીલો કોર્ટનો સમય બગાડવા અને સનસનાટીભર્યા વાતાવરણ બનાવવા માટે લાઇવ કેમેરા અને સ્ટ્રીમિંગનો લાભ લઈ રહ્યા છે. આ પછી, કોર્ટરૂમ ૧ માં ઉલ્લેખ દરમિયાન લાઇવ સ્ટ્રીમિંગને મ્યૂટ/બંધ કરવા માટે સૂચનાઓ જારી કરવામાં આવી હતી. CJI એ મૌખિક રીતે




તેમના સ્ટાફને હવેથી ઉલ્લેખનું લાઇવ સ્ટ્રીમિંગ બંધ કરવા સૂચના આપી હતી.

આ કેસ કર્ણાટક ભાજપના કાર્યકર એસ. વિગ્નેશ શિશિરની ફરિયાદ સાથે સંબંધિત છે. તેમણે આરોપ લગાવ્યો હતો કે કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી પાસે તેમની આવકના જાણીતા સ્ત્રોતો કરતાં વધુ સંપત્તિ છે. આ ફક્ત આરોપો છે અને કોર્ટમાં સાબિત તથ્યો ગણી શકાય નહીં. અલ્હાબાદ હાઇકોર્ટે CBI અને ED ને આરોપોની તપાસ કરવાનો નિર્દેશ આપ્યો હતો. રાહુલ ગાંધીએ હાઇકોર્ટના આ આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. તેમણે અલ્હાબાદ હાઇકોર્ટથી દિલ્હી હાઇકોર્ટમાં કેસ ટ્રાન્સફર કરવાની માંગ કરતી એક અલગ અરજી પણ દાખલ કરી હતી. ઓગસ્ટમાં, સુપ્રીમ કોર્ટે આ કેસમાં અલ્હાબાદ હાઇકોર્ટની કાર્યવાહી પર સ્ટે મૂક્યો હતો. તેણે CBI અને ED ને હાઇકોર્ટમાં કોઈ રિપોર્ટ સબમિટ ન કરવાનો પણ નિર્દેશ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યું હતું કે જો કોઈ તપાસ એજન્સીને કોઈ વ્યક્તિ પાસે અપ્રમાણસર સંપત્તિ હોવાની માહિતી મળે છે, તો તે કાયદા અનુસાર પોતાની રીતે કાર્યવાહી કરી શકે છે. તેને કોર્ટના આદેશની રાહ જોવાની જરૂર નથી. મંગળવારે રાહુલ ગાંધી વિરુદ્ધ કેસની વહેલી યાદી બનાવવાની વિનંતી દરમિયાન CJI સૂર્યકાંતની ટિપ્પણી આવી હતી. તેમણે ઉલ્લેખની કાર્યવાહીનું લાઇવ સ્ટ્રીમિંગ બંધ કરવાનો મૌખિક આદેશ પણ જારી કર્યો હતો.

# જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ ઈન્ડિયા બ્લોક રેલીની મંજૂરી

## સાંજે ૫ વાગ્યા સુધીમાં રેલી સમાપ્ત કરવા, ભડકાઉ ભાષણો પર પ્રતિબંધ અને મેદાનની બહાર કૂચ ન કાઢવા જેવા સૂચનો

નવીદિલ્હી, તા. ૨૮

દિલ્હી પોલીસે રામલીલા મેદાનમાં ભારત ગઠબંધનની રેલી માટે ગઇઈ જારી કરી છે. વિપક્ષે ૧ નવેમ્બરે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ ''વોટ બચાવો-દેશ બચાવો'' મેગા રેલીની જાહેરાત કરી છે. કોંગ્રેસના નેતાઓ દ્વારા વિક્ષેપના આરોપો વચ્ચે, પોલીસે સ્પષ્ટતા કરી છે કે રેલીની પરવાનગી રદ કરવામાં આવી નથી, પરંતુ તે કડક શરતોને આધીન રહેશે. પોલીસની શરતો અનુસાર, આયોજકોને ફક્ત સાંજે ૫ વાગ્યા સુધી રેલી યોજવાની મંજૂરી આપવામાં આવશે, અને તે પછી કોઈ વિસ્તરણની મંજૂરી આપવામાં આવશે નહીં. રામલીલા મેદાનમાં રાત્રિ રોકાણ પર પણ પ્રતિબંધો લાદવામાં આવ્યા છે, જેમાં ઉશ્કેરણીજનક ભાષણો પર પ્રતિબંધ અને મેદાનની બહાર કૂચ પર પ્રતિબંધનો સમાવેશ થાય છે. દિલ્હી પોલીસ રેલી માટે વિસ્તૃત સુરક્ષા વ્યવસ્થા પણ કરી રહી




છે. દિલ્હી પોલીસના જણાવ્યા અનુસાર, સરળ સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સમગ્ર રામલીલા મેદાન વિસ્તારને ૧૪ ઝોનમાં વહેંચવામાં આવ્યો છે. વધુમાં, રામલીલા મેદાન વિસ્તારમાં અને તેની આસપાસ આશરે ૩,૫૦૦ પોલીસ કર્મચારીઓ અને અર્ધલશ્કરી દળોની ૧૦ કંપનીઓ તૈનાત કરવાની યોજના ચાલી રહી છે. અહેવાલો અનુસાર, એડિશનલ ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ અને આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ (ACP) રેન્કના વરિષ્ઠ અધિકારીઓ દરેક સુરક્ષા ઝોનનું નિરીક્ષણ કરશે. વધુમાં, જંતર-મંતર વિરોધ દરમિયાન થયેલી હિંસાને ધ્યાનમાં રાખીને, ત્યાં તૈનાત પોલીસ કર્મચારીઓને તોડફોડ અથવા પોલીસ સાથે ગેરવર્તણૂકની ઘટનાઓ રેકોર્ડ કરવા માટે શરીર પર પહેરેલા કેમેરાથી સજ્જ કરવામાં આવશે.

### રેલી માટે લાદવામાં આવેલી શરતો

- સુરક્ષા વ્યવસ્થાના ભાગ રૂપે, રેલી સ્થળના પ્રવેશ અને બહાર નીકળવાના દરવાજા, સ્ટેજ અને બેઠક વિસ્તારો પર ઇઈઝ્ઠટ કેમેરા લગાવવામાં આવશે.
- રેલી દરમિયાન પ્રવૃત્તિઓ પર નજર રાખવા માટે ઓછામાં ઓછા પાંચ મોનિટર સાથેનો કંટ્રોલ રૂમ પણ સ્થાપિત કરવાની જરૂર પડશે.
- શૌચાલય અને મહિલાઓ માટે અલગ ટોઇલેટ બ્લોક સહિત પૂરતા પ્રમાણમાં પાણી અને શૌચાલય સુવિધાઓ આવશ્યક છે.
- સ્વયંસેવકોની તૈનાતી અને ઓળખ માટે સમાન ગણવેશ અથવા બેજ ફરજિયાત છે.
- જાતિ અને ધર્મના આધારે તણાવ ઉશ્કેરતા ભાષણો સહિત ભડકાઉ ભાષણો પર પ્રતિબંધ.
- ભડકાઉ ભાષણોના કિસ્સામાં, આયોજકોએ માઇક્રોફોન બંધ કરવો જોઈએ અને સ્ટેજ પરથી સ્પીકર દૂર કરવું જોઈએ.
- હિંસા અને ખલેલ પર પ્રતિબંધ છે; રેલી શાંતિપૂર્ણ રાખવી જોઈએ અને કાયદો અને વ્યવસ્થા જાળવવી જોઈએ.
- મેદાનની બહાર કૂચ કરવાની મંજૂરી નથી; રેલી દરમિયાન કોઈ કૂચ અન્ય કોઈ સ્થળે લઈ જવામાં આવશે નહીં.
- બસો અને અન્ય વાહનો ફક્ત ટ્રાફિક પોલીસ દ્વારા નિર્ધારિત સ્થળોએ જ પાર્ક કરવા જોઈએ.
- પોલીસને સંપૂર્ણ માહિતી પૂરી પાડવી જોઈએ, જેમાં આમંત્રિતો અને સ્વયંસેવકોની યાદીનો સમાવેશ થાય છે.
- મિનિટ-દર-મિનિટનું સમયપત્રક, બસ નંબર અને નોંધણી નંબર પણ આપવા જોઈએ.
- બધી શરતોનું પાલન અને પોલીસ સાથે સહયોગ ફરજિયાત છે; ઉલ્લંઘન માટે કાર્યવાહી કરવામાં આવે છે.

# શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## ચિંતનની ક્ષણે

### છેલ્લા એક દાયકામાં જનરેશન ગેપ એટલો વધી ગયો છે, કે પહેલી પેઢીને ત્રીજી પેઢીનુ એકસાથે ચાલવું ઘણીવાર શક્ય નથી



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. હું એક શુદ્ધ અને પવિત્ર આત્મા છું, જેને સમય સંજોગ ના દુઃખ કે સુખ સ્પર્શી શકે નહીં, તેમજ સબંધોની માયાજાળ ઉલજાવી શકે નહીં, અને આજ નિતાંત સત્ય છે, એ જાણવા છતાં કાયમ યાદ રહેતું નથી, એ પણ એક વાસ્તવિકતા છે, અને તેથી જ ચૈતન્યના આ શુદ્ધ પ્રવાહમાં હું મારા અસ્તિત્વનો પ્રભાવ વધારવા અકારણ મથી રહી છું, અને સત્યના પ્રકાશથી દૂર જઈ રહી છું. કારણ કે આ વખતે દિકરો વહું દિવાળી કરવા આવશે નહીં, અને હમણાં જ એની સાથે રહીને આવી છતાં મા ની મમતા ને કોણ સમજાવે! કદાચ આવા કડવા ઘૂંટડા પી પી ને જ મા મીઠી મધ જેવી થઈ જાય છે. આવા પરંતુ સમયે સદગુરુ બોધ હર હંમેશ અસત્ય તરફ જતા રોકે છે, અને જાત અને જીવન બંને બચી જાય છે, કેટલું સચોટ જ્ઞાન છતાં આપણે એનાથી વિમુખ કેવી અસમંજસતા છે કે જાણવા છતાં અજાણ્યું કરી જીવવું!! બસ આવી જ પરિસ્થિતિ માંથી આજે સમાજ પસાર થઈ રહ્યો છે, અને કોઈ સમયે જાગી જાય છે, તો કોઈ આત્મા વાણી સાંભળવા છતાં એ તરફ દુર્લક્ષ સેવી પતનને માર્ગે જાય છે. સુખ-દુઃખ કોના જીવનમાં આવતા નથી? હર કોઈના જીવન સાથે નાના મોટા સુખ દુખ વણાયેલા જ હોય છે, પરંતુ એ કઈ કાયમી હોતા નથી, એ યાદ રાખીને સૌએ જીવવું પડે! સમય ના બદલાવ પણ આ રીતે જ આવતા હોય છે! જો તમે એની સાથે ન ચાલી શકો તો એ તમારી માટે મુશ્કેલીનું સર્જન કરે અથવા મુશ્કેલી વધારે! આજે તો વિશ્વ આખું આવાં સળગતા કેટલાય સવાલોથી ભરેલું છે અને એનાં જવાબ કોઈ પાસે નથી! પણ મુશ્કેલી વૈશ્વિક હોય, સામાજિક હોય, પારિવારિક હોય, કે પછી વ્યક્તિગત હોય, પરંતુ માનવી એ હવે તેની સાથે ચાલતા શીખવું પડશે, અથવા વિકલ્પ શોધી લેવો પડશે. છેલ્લા એક દાયકામાં જનરેશન ગેપ એટલો વધી ગયો છે કે, પહેલી પેઢી અને ત્રીજી પેઢીનુ એકસાથે ચાલવું ઘણીવાર શક્ય નથી. તો આજે આપણે વિકાસ અને જનરેશન ગેપના તાલમેલ વિશે વાત કરીશું

દેખીતી રીતે આપણે એકવીસમી સદીમાં પ્રવેશ કરી ચૂક્યા છીએ, અને એ રીતે જોઈએ તો પહેલા કરતા ઘણો સારો સમય આવી ગયો છે. એટલે કે સમયનું ચક્ર ઘણું આગળ નીકળી ગયું છે, આજે શહેરો મોટા મોટા થતાં જાય છે, ગામડાનું પણ આધુનિકરણ થઈ ગયું છે. દરેક વર્ણ અને વર્ગ શિક્ષણના મહત્વને અપનાવ્યું છે. સ્ત્રીને પણ ઘણી સફળતા મળી છે,અને સ્વતંત્રતા પણ મળી છે. સમાજ બૌદ્ધિક રીતે ઘણો આગળ વધી ગયો છે. ક્યાંક ક્યાંક લોકો સમાજ પ્રત્યેની જવાબદારી સ્વીકારતા થયા છે, તો ક્યાંક ક્યાંક આપણા મૂળ સંસ્કાર એટલે કે યોગ આર્યુવેદ વગેરે જાગૃત થાય એ માટે પણ કામ કરે છે,લોકોની ભાષા પહેરવેશ ખાણીપીણી બધું જ આધુનિકતાને નામે બદલાઈ ગયું છે. પરંતુ શું આને વિકાસ કે યુગ પરિવર્તન કહી શકાય ખરો?? કારણ કે અમુક માનસિકતામાં હજી આપણે હતા ત્યાં જ છીએ, ક્યાંક યુગ પરિવર્તન પરાકાષ્ઠા એ થાય છે, તો ક્યાંક હજી ૧૮મી સદી જેવી જ માનસિકતા દેખાય છે, અને એમાં પણ ખાસ કરીને સ્ત્રીઓની બાબતમાં ભારતીય સમાજ અમુક વાસ્તવિકતા સ્વીકારી શક્યો નથી. ક્યારેક અહમને નામે, ક્યારેક આગ્રહના નામે, તો ક્યારેક ક્યારેક પરંપરાને નામે સ્ત્રીનું શોષણ થતું આવ્યું છે. કોઈ ઘરમાં વડીલ જનરેશન ગેપની સાથે ચાલી ન શકે તો ત્યાં તેનું શારીરિક અથવા માનસિક શોષણ થાય, તો ક્યાંક વચલી પેઢીનો મરો થાય,અને ક્યાંક યુવા પેઢીનો, આવું બધું ચાલ્યા કરે છે. તો આપણને એમ થાય કે પુરુષ અને સ્ત્રી એ સમાજના બંને સશક્ત અંગો છે,એ બે માંથી એક અંગની જોઈએ તે પ્રમાણમાં પુષ્ટિ ન થાય તો સમાજ સ્વસ્થ બની શકે નહીં, અને આવું કયા કારણ થી થાય છે અથવા તો આ ભેદ કે આ શોષણ અટકે એ માટે શું કરવું જોઈએ. ભારતીય સંસ્કૃતિ એ વિકાસને નામે કે આધુનિકતાને નામે ઘણું બધું અપનાવ્યું છે. પરંતુ આપણી જે મૂળ સંસ્કૃતિ હતી, એને ભૂલ્યા વગર જો નવું અપનાવ્યું હોત અથવા તો નવાનો પણ સ્વીકાર કર્યો હોત, તો સામાજિક રીતે પણ વિજ્ઞાનની જેટલી જ તરક્કી દેખાત, પણ અમુક મૂલ્યો ચૂકી જવાથી સામાજિક સ્તરે એટલો વિકાસ દેખાતો નથી, અને જેટલું થવું જોઈએ એટલું યુગ પરિવર્તન થતું નથી, આ તેનું મુખ્ય કારણ છે. ભારતીય સંસ્કૃતિના મૂળ ચાર આધાર સ્તંભ છે એ આપણે સૌ કોઈ જાણીએ છીએ એટલે કે માતૃદેવો ભવઃ, પિતૃદેવો ભવઃ, આચાર્ય દેવો ભવઃ, અને અતિથિ દેવો ભવઃ, આ ચારેચાર સંબંધને આપણે તેના મૂલ્ય સ્તર કરતાં ક્યાંક કિંમત ઓછી આંકતા થઈ ગયા છીએ. એટલે કે વ્યક્તિગત રીતે તો કદાચ હજી થતું હોય, એટલે કે પોતાની માતાને માન અપાતું હોય, પોતાના પિતાને અપાતું હોય, આચાર્યને પણ અપાતું હોય, અને ઘરમાં અતિથિ સત્કાર પણ થતો હોય, પરંતુ આપણી માતા જેટલું જ માન આપણે અન્યની માતાને આપી શકતા નથી. ક્યારેક એવું બને કે, આપણી આસપાસ કે સોસાયટી એટલે સમાજમાં સરેઆમ તેની ઈજ્જત ઉછળતી હોય, અથવા તો તેને કોઈ સમસ્યા હોય તો, એમાં આપણું સ્વાડુ પણ ફરકતું ન હોય. તો ક્યારેક દંભને ખાતર સમાજની આવી ઘટનામાં આગેવાની લઈ અને તેને ન્યાય અપાવવા નીકળતા માણસો પોતાની ઘરની મા બહેન કે પત્નીને એટલું માન આપતા ન પણ હોય, તો ક્યારેક એવું બને કે પત્નીને માન આપવામાં ઘરની માતાને માન અપાતું ન હોય, અથવા તો ક્યારેક માતાને માન આપવાના વલણમાં પત્નીનો માન ચૂકાય જાય, એટલે આ બધી પરિસ્થિતિ સામાજિક વિકાસ થવા દેતી નથી. એવી જ રીતે પિતૃદેવો ભવ, આચાર્ય દેવો ભવ, કે અતિથિ દેવો ભવ માં, પણ થાય છે. એટલે કે સંબંધની મજબૂતી ક્યાંક નબળી થઈ ગઈ હોય એવું લાગે છે, અને એને કારણે સમાજ જોઈએ તેટલો વિકાસ કરી શકતો નથી. તો ક્યાંક એવું બને કે માતા તો મોર્ડન બની છે, અને વહુને અપનાવતી થઈ છે. એટલે એને પહેરવેશની દ્રષ્ટિએ, કે સ્વતંત્રતાની દ્રષ્ટિએ તે ઉદાર મને અપનાવે છે. તો ત્યાં આગળ આધુનિક સ્ત્રી આધુનિકતામાં, તેનું અપમાન કરતી હોય એવું પણ બને. એટલે સંબંધોના અંદરો અંદરના વ્યવહાર આવી નાની-મોટી વાતોને કારણે જટિલ બન્યાં છે, ક્યાંક વ્યવહારને નામે ન કરવાનું પણ કર્યું, અને ક્યાંક વ્યવહાર શૂન્ય પણ થયાં, અને એને કારણે દેખાડાનો એક વ્યવહાર સમાજમાં આજે પરંપરાના નામે પોષાતો થયો.

વાત વિકાસની હોય કે જનરેશન ગેપની પણ જ્યાં સુધી બંને માં તાલમેલ સાધીને જીવવામાં આવશે નહીં ત્યાં સુધી એ વિકાસને સર્વાંગી બનાવશે. આપણે આ વાત ને ધ્યાનમાં રાખીને સમયની સાથે ડગલાં ભરીને ચાલી શકાય, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

### આને કહેવાય ધરમ કરવા જતાં ધાડ પડી : ચાંદીનો માલ તો ગયો માથેથી ધમકી

# કેસમાં ફસાવી દઈશ કે આજીવન જેલમાં રહીશ!

## સામા કાંઠાના ચાંદીના વેપારીને મહિલાએ દીધી ધમકીઃ વેપારીએ મહિલા અને તેના પતિને બાકીમાં ચાંદીનો માલ દીધો હતો તેના ઓગણીસ લાખની ઉઘરાણી કરતાં દંપતિ છેલ્લી પાટલીએ બેસી ગયુંઃ બી-ડિવીઝન પોલીસે દાખલ કરી એફઆઇઆર

રાજકોટ, તા. ૨૮

ઘણા એવા પણ હોય છે જે શરૂઆતમાં વિશ્વાસ કેળવીને વેપારી સાથે ધંધો કરતાં હોય છે. પરંતુ બાદમાં આગળ જતાં વિશ્વાસઘાત કરી નાંખતા હોય છે. બાકીમાં લાખોનો માલ લઇ જઇ પછી બૂચ મારી દેતાં હોય છે. જો વેપારી પોતાના કાયદેસરના લેણા નાણાની ઉઘરાણી કરે તો તેને ધમકી પણ આપી દેતાં હોય છે. આવી જ એક ઘટના શહેરના સામા કાંઠે બની હતી. આર્યનગરના છેવાડે રત્નદીપ સોસાયટીમાં રહેતાં અને ચાંદીકામ કરતાં વેપારીએ ત્રણ વર્ષના પરીચયને કારણે મોરબી રોડ વિસ્તારના દંપતિને ઉધારમાં ચાદીના દાગીના-પાયલ આપ્યા હોઇ પોતાની લેણી રકમની વારંવાર ઉઘરાણી કરવા છતાં આ દંપતિ રૂપિયા આપતું નહોતું. છેલ્લે તો મહિલાએ પતિની હાજરીમાં વેપારીને એવી ધમકી આપી દીધી હતી કે જો હવે ઉઘરાણી કરીશ તો છેડતીના એવા કેસમાં ફસાવી દઇશ કે આજીવન જેલવાસ થશે!

વિગતો જોઇએ તો આ વેપારીએ ચાંદનો જે માલ દંપતિને આપ્યો તેની કિંમત ૨૯ લાખ હતી. આ ૨૯ લાખમાંથી ૯ લાખ આસપાસ ચુકવી બાકીના ૧૯.૩૭ લાખ ન ચુકવતાં અને ચેક આપ્યો તે રીટર્ન થતાં આ બાબતે વેપારી કહેવા જતાં મહિલાએ પતિની હાજરીમાં જ વેપારીને જો હવે પછી પૈસાની ઉઘરાણી કરશો તો છેડતીની ફરિયાદ કરી આજીવન જેલમાં રહો તેવુ કરી નાંખીશ તેવી ધમકી આપતાં પોલીસની મદદ લેવામાં આવતાં આ બનાવમાં બી-ડિવીઝન પોલીસે આર્યનગરના છેવાડે મારૂતિનગર મેઇન રોડ રત્નદીપ સોસાયટી-૪માં રહેતાં તેતાલીસ વર્ષનારાજેશભાઇ મનુભાઇ પમ્માણીની ફરિયાદ પરથી સેટેલાઇટ ચોક ઓમશાંતિ પાર્ક-૩માં રહેતાં નીતાબેન વિમલભાઇ કણસાગરા અને તેણીના પતિ વિમલ ગુણવંતભાઇ કણસાગરા વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી હતી.

આ બનાવમાં વધુ માહિતી જોઇએ તો રાજેશભાઇ પદ્મમાણી-પટેલ પરિવાર સાથે રહે છે અને ઓમ સિલ્વર નામે ઘર સાથે જ ઓફિસ ધરાવી ચાંદીકામ કરે છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ નીતાબેન કણસાગરા તથા તેના પતિ વિમલભાઈ કણસાગરા વેદાર્થ એન્ટરપ્રાઈઝના નામે સોના-ચાંદીના વેચાણનું કામકાજ કરે છે. નીતાબેન વેદાર્થ એન્ટરપ્રાઈઝના પ્રોપરાઈટર છે. આ બંને અને ફરિયાદી એક જ પ્રકારના ધંધા સાથે સંકળાયેલા હોવાથી અંદાજે ત્રણેક વર્ષથી એકબીજાને ઓળખતા હતા.

અવારનવાર પેઢીમાંથી સોના-ચાંદીની ખરીદી કરતા હોવાથી બંને વચ્ચે વેપારી સંબંધો બંધાયા હતા.નીતાબેન અને તેના પતિ વિમલભાઈ ફરિયાદી પાસેથી અવારનવાર ચાંદીના દાગીના ખરીદતા હતા અને ચાંદીના દાગીનાના નાણાં ૧૫ દિવસમાં ચુકવી આપવામાં આવશે તેવો વાયદો આપ્યો હતો. આ વિશ્વાસના આધારે તા. ૧૦/૦૩/૨૦૨૫થી તા.૧૨/૦૧/૨૦૨૬ દરમિયાન દંપતિએ દાગીના ઉધારમાં રાજેશભાઇ પાસેથી ખરીદ કર્યા હતાં. જેમાં તા. ૧૦/૦૩/૨૦૨૫ના રોજ ચાંદીની પાયલ કિ.ગ્રા. ૮.૫૩૪ જેની કિંમત રૂપિયા ૫,૨૫,૦૦૧, તા. ૧૪/૦૩/૨૦૨૫ના રોજ ચાંદીની પાયલ કિ.ગ્રા. ૧.૮૧૧ જેની કિંમત રૂપિયા ૧,૧૦,૦૦૦ થતી હતી.



આ ઉપરાંત તા. ૨૧/૦૩/૨૦૨૫ના રોજ ચાંદીની પાયલ કિ.ગ્રા. ૫.૧૬૨ જેની કિંમત રૂપિયા ૩,૪૦,૮૬૩, તા. ૦૬/૦૬/૨૦૨૫ના રોજ ચાંદીની પાયલ કિ.ગ્રા. ૧૧.૦૬૩ જેની કિંમત રૂપિયા ૬,૨૦,૦૧૧ ખરીદ કરી હતી. તેમજ તા. ૨૦/૦૬/૨૦૨૫ના રોજ ચાંદીની પાયલ કિ.ગ્રા. ૫.૦૫૫ જેની કિંમત રૂપિયા ૩,૮૦,૦૦૨, તા. ૧૨/૦૧/૨૦૨૬ના ચાંદીની પાયલ કિ.ગ્રા. ૩.૫૨૧- જેની કિંમત રૂપિયા ૩,૩૭,૫૫૬ થતી હતી તે ખરીદ કર્યા હતાં. આ રીતે કુલ રૂપિયા ૨૯,૧૩,૪૬૩ની કિંમતના ચાંદીના દાગીના ઉધારમાં આપવામાં આવ્યા હતા. આ દાગીના પેટે પંદર દિવસમાં પેમેન્ટ ચુકવવાનો દંપતીએ વાયદો કર્યો હતો અને વેપારીને વિશ્વાસમાં લીધા હતા.

ત્યારબાદ સમય વીતી જતાં વેપારીએ નાણાંની માંગણી કરતાં આરોપીઓએ અમે વેપારી માણસ છીએ, તમારા પૈસા નહિ ખાઇએ, પેમેન્ટ ચૂકવી આપીશું તેવા વાયદા કર્યા હતા. અવારનવાર ઉઘરાણી કરવા છતાં આરોપીઓએ કટકે-કટકે કુલ રૂપિયા ૯,૭૫,૮૯૪ ચુકવ્યા હતા. જ્યારે બાકીના રૂપિયા ૧૯,૩૭,૫૬૬ની રકમ આપવાની બાકી રાખી હતી. બાકી નીકળતી લેણી રકમ ન અપાતાં રાજેશભાઇએ આ દંપતિને વધુ માલ આપવાનું બંધ કરી દીધુ હતું. ઉઘરાણી કરતા વિમલભાઈ કણસાગરાએ સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંકનો ચેક આપ્યો હતો.

પણ ચેક બેંકમાં નાખતા રિટર્ન થયો હતો. આ ચેક રિટર્ન થયા બાબતે પૂછપરછ કરવા જતા નીતાબેન કણસાગરાએ તેના પતિની હાજરીમાં ધમકી આપી હતી કે, હવે જો તમે પૈસાની મારી પાસે માંગણી કરશો તો હું એક સ્ત્રી તરીકે તમારા વિરૂધ્ધ છેડતીની ફરિયાદ કરીશ, તો આજીવન જેલમા રહેશો. અંતે રાજેશભાઇએ પતિ-પત્નિ વિરૂધ્ધ ઠગાઈની ફરિયાદ નોંધાવવાનું નક્કી કરી પોલીસનો સંપર્ક કરતાં બી-ડિવીઝન પોલીસ સ્ટેશનના ઇન્સપેકટર જી. આર. ચૌહાણ, હીરાભાઇરબારીએ એફઆઇઆર દાખલ કરી દંપતિ વિરૂધ્ધ કાર્યવાહી હાથ ધરી હતી. આમ અહિ વેપારીને ધરમ કરવા જતાં ધાડ પડી હોય તેવો અહેસાસ થયો હતો.

### હેરાફેરી કરવા માટે નાના મોટા નવા જુના બૂટલેગરો, સપ્લાયરો ઉતરી પડ્યા

# દારૂ ભરેલી કાર રેઢી મળીઃ બીજા પાંચ દરોડા

## ડીસીબી, આજીડેમ, એલસીબી ઝોન-૨, ભકિતનગર અને આજીડેમ પોલીસે અલગ અલગ સ્થળેથી જથ્થો પકડ્યો

રાજકોટ તા. ૨૮

શહેરમાં દિવદાળી નજીક આવતાં જ નાના મોટા જુના નવા બુટલેગરો સપ્લાયરો મેદાને આવી ગયા છે. આ વચ્ચે પોલીસ પણ સજાગ બની સતત દરોડા પાડી રહી છે. કાલાવડ રોડ વામ્બે આવાસ ક્વાર્ટર પાસેથી અઢી લાખનો દારૂ ભરેલી કાર પોલીસને રેઢી મળી હતી. તો અન્ય પાંચ દરોડામાં પણ અલગ અલગ સ્થળેથી વિદેશી દારૂ સાથે પાંચને પકડી લેવાયા હતાં. કોઇએ સીડી નીચે તો કોઇએ જીપમાં દારૂ છુપાવ્યો હતો જે પોલીસે શોધી કાઢ્યો હતો.

વિગતો જોઇએ તો ક્રાઇમ બ્રાંચે વામ્બે આવાસ યોજના ક્વાર્ટર પાસેથી વિદેશી દારૂનો જથ્થો ભરેલી એક કાર પકડી લીધી છે. આ કાર મુકીને ભાગી ગયેલા શખ્સનું નામ ખુલતાં તેની શોધખોળ થઇ રહી છે.ક ારમાંથી રૂા. ૨,૪૩,૬૦૦નો અલગ અલગ બ્રાન્ડનો દારૂ મળી આવ્યો હતો.ડીસીબીની ટીમ દારૂ, જૂગાર, ચોરી, ચીલઝડપ, લૂંટ સહિતના બનાવો ન બને અને દારૂના કેસ, આર્મ્સ એક્ટના કેસ શોધી કાઢવા પેટ્રોલીંગમાં હતી ત્યારે ગોપાલસિંહ જાડેજા, કનકસિંહ સોલંકીને બાતમી મળી હતી કે કાલાવડ રોડ વામ્બે આવાસ યોજના ક્વાર્ટર પાસેની શેરીમાં એક ક્રેટા કાર રેઢી પડી છે અને તેમાં દારૂનો જથ્થો છે જે કટીંગ થવાનો છે.

આ બાતમીને આધારે ટીમ તૂરત જ પહોંચી હતી. ત્યારે જીજેઇ૩પીએમ-૩૮૧૩ નંબરની કાર રેઢી મળી આવી હતી. તેમાં ચાલક કે કોઇ બીજા શખ્સો હાજર નહોતાં. તપાસ કરતાં કારમાંથી રોયલ ચેલેન્જ વ્હીસ્કીના રૂા. ૧,૦૯,૨૦૦ની ૧૮૦ એમએલની ૩૨૬ બોટલો, ઓલ સીઝન્સ વ્હીસ્કીના રૂા. ૧,૩૪,૪૦૦ના ૩૮૪ ચપલા મળી આવ્યા હતાં. આ ઉપરાંત કારમાંથી રૂા. ૫૦ હજારનો આઇફોન પણ મળ્યો હતો. દારૂ, કાર, ફોન મળી કુલ રૂા. ૧૩,૯૨,૬૦૦નો મુદ્દામાલ કબ્જે કરાયો હતો. પોલીસે તપાસ કરતાં આ ગાડી મુકીને વિનોદ ઉર્ફે વિનુ મુકેશભાઇ મણવર (રહે. વામ્બે આવાસ યોજના ક્વાર્ટર) ભાગી ગયાનું ખુલતાં તે તથા બીજા જે કોઇ સામેલ હોઇ તેની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય મંડલીક, ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી ભરત બી. બસીયાની સુચના અંતર્ગત પીઆઇ એ. એસ. ચાવડા, પીઆઇ એમ. એલ. ડામોર, પીઆઇ સી. એચ. જાદવની રાહબરીમાં હેડકોન્સ. કનકસિંહ સોલંકી, ગિરીરાજસિંહ જાડેજા, દીપકભાઇ ચૌહાણ, ગોપાલસિંહ જાડેજા, સુભાષભાઇ ઘોઘારી, કોન્સ. મનીષભાઇ ચાવડા, રાજેશભાઇ ચાવડાએ આ કામગીરી કરી હતી.




અન્ય દરોડાની વિગતો અનુસાર શહેરમાં પોલીસે દારૂના ધંધાર્થીઓ ઉપર તવાઇ બોલાવી છે. ક્રાઇમ બ્રાંચ, એલસીબી ઝોન-૨, ભકિતનગર અને આજીડેમ પોલીસે મવડી, માલીયાસણ, આંબેડકરનગર, અટીકા ઇન્ડસ્ટ્રીઝ એરીયા અને આજીડેમ ચોકડી પાસે કારખાના, રહેણાક મકાન અને રોડ પરથી દારૂની એક બોટલથી લઇ ૯૬ બોટલ સાથે પાંચ શખ્સોને પકડી લીધા હતા. ૧૫૦ ફુટ રીંગ રોડ પર આંબેડકરનગરમાં રહેતા રવિ નટુભાઇ દાફડા ના મકાનમાં એલસીબી ઝોન-૨ ની ટીમનાં એએસઆઇ જે.વી. ગોહીલ, એચ. જે. જોડજા, હેડ કોન્સ સહદેવસિંહ જાડેજા, એચ.જે. વાઘીયા, કોન્સ. કુલદીપસિંહ રાણા સહિતના સ્ટાફે બાતમીના આધારે દરોડો પાડ્યો હતો.

પોલીસે તેને પકડી ફળીયામાં સીડી નીચે રાખેલા પ્લાસ્ટીકના બાચકામાં છુપાવેલી રૂા. ૩૧ હજારની વ્હીસ્કીની ૯૬ બોટલ કબ્જે કરી હતી. આરોપીની પુછતાછમાં દારૂ તેના મિત્ર પ્રીયંક રણજીતભાઇ પરમારે આપેલ હોવાનું કહેતા તેની શોધખોળ શરૂ કરાઇ હતી. બીજા દરોડામાં મવડીમાં સોમનાથ સોસાયટીમાં રહેતા મીતેષ ઉર્ફે નીતીન ભરતભાઇ દવેના મકાનમાં ક્રાઇમ બ્રાંચના હેડ કોન્સ રવીભાઇ ગઢવી, કોન્સ. મુકેશભાઇ સબાડ સહિતના સ્ટાફે બાતમીના આધારે દરોડો પાડી તેને રૂા. ૪૫૦૦ ની કિંમતનાં વ્હીસ્કીના ૨૫ ચપલા સાથે પકડી લીધો હતો.

તેમજ દરોડામાં ક્રાઇમ બ્રાંચમાં હેડ કોન્સ. ધર્મેન્દ્રભાઇ ફુંચલા, કો. ધર્મેશભાઇ ખાંડેખા સહિતના સ્ટાફે માલીયાસણ ગામે આવેલા એપાર્ટમેન્ટના ગ્રાઉન્ડ ફલોર પર દરોડો પાડી સીડી નીચે છૂપાવેલા રૂા. ૧૪ હજારના વ્હીસ્કીની ૯૬ બોટલ કબ્જે કરી ફરાર રાહુલ પોપટભાઇ કિસલા (રહે. રામપાર્ક) ની શોધખોળ શરૂ કરી હતી. જ્યારે ચોથા દરોડામાં આજી ડેમ પોલીસના હેડ કો. બી. એ. જોગીયા, કો. જયદીપસિંહ ભટ્ટી સહિતના સ્ટાફે આજી ડેમ ચોકડી પાસેથી જીપ લઇને નિકળેલા જગદીશ જીવાભાઇ ગોરીયા, (રહે. ભારતનગર, આજી ડેમ ચોકડી પાસે)ને વોડકાની બોટલ સાથે પકડી કાર્યવાહી કરી હતી.

આ ઉપરાંત પાંચમાં દરોડામાં ભકિતનગર પોલીસના હેડ કો. કેતનભાઇ બોરીચા, પ્રકાશભાઇ મકવાણા, સહિતના સ્ટાફે અટીકા ઇન્ડસ્ટ્રીયલ એરીયામાં શેરી નં. ૬ માં આવેલા વિજય ચકુભાઇ લીંબાસીયા (રહે. ગીતાનગર, યોગી એપાર્ટમેન્ટ)ના જલ્ધી ઇન્ડસ્ટ્રીઝ નામના કારખાનામાં દરોડો પાડી તેને અને મહાવીરસિંહ દિલીપસિંહ રાઠોડ (ગીતાનગર, એસ. ટી. વર્કશોપ પાછળ) ને રૂા. ૧૯૦૦ની દારૂની પાંચ બોટલ સાથે પકડી લીધા હતાં. આમ છ દરોડામાં લાખોનો દારૂ પકડાયો હતો.

### ખાનગી કંપનીના યુવાનને ટેલીગ્રામ ગ્રુપમાં એડ કરી શરૂઆતમાં નફો દીધો, પછી બતાવ્યો ઠેંગો

# આકાંક્ષાએ ઉભી કરેલી લાલચમાં બાવીસ લાખ ગ્યા

## શેર બજાર અને ક્રુડ ઓઇલમાં રોકાણના નામે ટીપ્સ આપી લાખો ઉસેડ્યાઃ પાછા દીધા માત્ર પચ્ચીસ હજાર ચારસો નવ્વાણુ

રાજકોટ તા. ૨૮

રોકાણ પર મોટા નફાના નામે ઠગાઇના બનાવો અવિરત રહ્યા છે. વધુ એક આવા કિસ્સામાં એક ઇન્વેસ્ટરને રોકાણ પર વીસ ટકા કમિશન આપવાની લાલચ દઇ બાવીસ લાખ ચોત્રીસ હજારનો ડામ દઇ દેવાયો હતો. આકાંક્ષા શર્મા નામની યુવતિએ ફોન કરી ટેલીગ્રામ ગ્રુપમાં યુવાનને એડ કરી દઇ શેર બજાર અને ક્રુડ ઓઇલમાં રોકાણ પર મોટા નફાની લાલચ આપી હતી. યુવાને લાખો રૂપિયાનું રોકાણ કરી દીધા પછી તેને માત્ર પચ્ચીસ હજાર ચારસો નવ્વાણુ રૂપિયા જ પરત અપાયા હતાં. બાકીના બાવીસ લાખથી વધુના રૂપિયા સાયબર ગઠીયા ખાઇ ગયા હતાં.

ઓનલાઇન શેર બજાર સહિતના રોકાણ પર વારંવાર ઠગાઇ થઇ રહી છે. છતાં લોકો જાગૃત બનતા નથી. વડોદરામાં રોકાણના ચા વળતરની




લાલચ આપીને એક વ્યક્તિ સાથે રૂ. ૨૨.૩૪ લાખની છેતરપિંડી થઈ જતાં તપાસ શરૂ થઇ હતી. માંજલપુરના વિરલભાઈ પટેલને ઈન્સ્ટાગ્રામ રીલ્સ દ્વારા ટેલિગ્રામ ગ્રુપમાં જોડવામાં આવ્યા હતા. રિસર્ચ માર્ટ સર્વિસિસના આકાંક્ષા શર્મા અને રાહુલ તિવારીએ શેરબજાર અને ક્રૂડ ઓઈલમાં રોકાણ કરાવી વિશ્વાસ કેળવી પૈસા પડાવ્યા હતા. માત્ર રૂ. ૨૫,૪૯૯ પરત મળતા સાયબર સેલમાં ફરિયાદ નોંધાઈ હતી. ઈન્વેસ્ટમેન્ટમાં ચા વળતરની ખાતરી આપી અને ઈન્વેસ્ટરને વિશ્વાસમાં લઈને ઠગાઈ કરવાના વધુ એક કિસ્સામાં ઈન્વેસ્ટરે ૨૨.૩૪ લાખ ગુમાવતાં પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

વધુ માહિતી અનુસાર માંજલપુરના ઘનશ્યામ નગરમાં રહેતા અને હાલોલની ખાનગી કંપનીમાં ડિઝાઈન મેનેજર તરીકે ફરજ બજાવતા વિરલભાઈ પટેલે પોલીસને કહ્યું હતું કે ઈન્સ્ટાગ્રામની રીલ્સમાં એક લિન્ક ક્લિક કરતાં ટેલિગ્રામ ખૂલ્યું હતું અને મને એક ગ્રુપમાં જોઈન કરવામાં આવ્યો હતો. ત્યારબાદ રિસર્ચ માર્ટ સર્વિસિસ પ્રા.લિ. ની સેલ્સ એક્ઝિક્યુટિવ તરીકે આકાંક્ષા શર્માએ મારો સંપર્ક કરી શેર બજારમાં ઈન્વેસ્ટ કરો છો કે કેમ તેમ પૂછતાં મેં હા પાડી હતી. આ પછી આકાંક્ષાએ ૨૦ ટકા કમિશન નક્કી કરી ટિપ્સ આપવા માંડી હતી.જેમાં એફએન્ડઓમાં પ્રોફિટ થતાં મેં તેને કમિશન પણ ચૂકવ્યું હતું.

વિરલભાઇએ કહ્યું છે કે,આકાંક્ષાએ મને કહ્યું હતું કે તમે જોબ કરોછો એટલે ટાઈમ નહિ મળે. રૂપિયા ૬ લાખ આપો તો અમારી કંપનીના પોર્ટલ પર ક્રૂડ ઓઇલમાં રોકાણ કરીશ અને આ પેટે ૨૫ ટકા કમિશન થશે.પછી આકાંક્ષાએ રાજીનામું આપતાં રાહુલ તિવારીએ વાતચીત કરી મારી પાસે ટુકડે ટુકડે કુલ રૂ.૨૨.૩૪ લાખનું રોકાણ કરાવ્યું હતું.જેની સામે મને માત્ર રૂપિયા૨૫,૪૯૯ જ પરત મળ્યા છે. બાકીની રકમ નહિ મળતાં શંકા થઇ હતી અને સાયબર સેલને જાણ કરી હતી. આમ વધુ એક વખત સાયબર ગઠીયાઓએ સોશિયલ મિડીયા માધ્યમ અને યુવતિનો ઉપયોગ કરી રોકાણકારને મોટા નફાની લાલચ આપી જાળમાં ફસાવી લાખો રૂપિયા સરળતાથી ઉસેડી લીધા હતાં. આ પ્રકારના ફ્રોડ રોજેરોજ થઇ રહ્યા હોવા છતાં ભણેલા ગણેલા લોકો પણ સરળતાથી આવી ગઠીયાગીરીમાં ભેરવાઇ જાય છે અને ફ્રોડ થઇ જાય છે.




### બીલ વિતરણ કરવા ગયેલા કર્મચારીને અકસ્માત નડતાં મહિલાએ ખર્ચ માંગી ડખ્ખો કર્યોઃ અધિકારી સમાધાન કરવા ગયા ને જામી પડી

# PGVCLના અધિકારીને છરી ભોંકી દેવાની ધમકી

### કુબલીયાપરાના શખ્સે મારું નામ ભાવેશ છે, આ છરી જોઇ લે, ભોંકી દઇશ તો જીવતો નહિ જઇશકે કહી ધમકી દીધીઃ ત્રણ જણાએ મળી એવો માર માર્યો કે અધિકારી લોહીલુહાણ થયા

રાજકોટ તા. ૨૮

શહેરમાં રોજબરોજ કોઇને કોઇ વિસ્તારમાં કહેવાતા ગાંઠીયા દાદાઓ અથવા તો બીજા લોકો નહિ જેવી વાતે વતેસર કરી નાંખી મારામારી પર ઉતરી આવતાં હોય છે. પોતે જાણે કંઇક છે તેમ સમજીને સામાવાળા ઉપર તૂટી પડે છે અને ગુંડાગીરી આચરે છે. આવી જ એક ઘટનામાં પીજીવીસીએલના નાયબ અધિક્ષક અને તેમના કર્મચારી પર ભાવનગર રોડના કુબલીયાપરામાં ત્રણ શખ્સોએ હુમલો કરી લોહીલુહાણ કરી નાંખી માથે જતાં છરી દેખાડી ધમકી દીધી હતી. કર્મચારીનું વાહન એક મહિલાના વાહનને અડી જતાં સારવારના ખર્ચના પૈસા મામલે ડખ્ખો થયો હતો. જેમાં અધિકારી સમાધાન કરાવવા જતાં તેમના ઉપર ત્રણ જણા તૂટી પડ્યા હતાં.

વિગતો પર નજર કરીએ તો શહેરના દૂધ સાગર રોડ પર આવેલા પીજીવીસીએલની ઓફિસમાં નાયબ અધિક્ષક તરીકે ફરજ બજાવતા અધિકારી ઉપર કુબલીયાપરામાં ત્રણ શખ્સોએ હુમલો કરી ઢીકાપાટુ, ચાવીના જુડાથી માર મારી છરી બતાવી ધમકી અપાતાં ચકચાર મચી ગઇ હતી. કચેરીના કર્મચારી બીલ વિતરણ કરવા ગયા ત્યારે તેનું વાહન એક મહિલાના વાહન સાથે અથડાતાં તેને ખર્ચ બાબતે ઝઘડો થતાં નાયબ અધિક્ષક ત્યાં સમજાવવા જતાં હુમલો કરાયો હતો. આ ઘટનામાં થોરાળા પોલીસે જુના પેડક રોડ પર અવધપુરી પાર્ક-૧માં રહેતાં અને પીજીવીસીએલ આજી-૧ સબ ડીવીઝનમાં નાયબ અધિક્ષક તરીકે ફરજ બજાવતાં છેતાલીસ વર્ષના કપીલગીરી શાંતિગીરી ગોસ્વામીની ફરિયાદ પરથી ભાવનગર રોડ કુબલીયાપરામાં રહેતાં ભાવેશ પરમાર અને બે અજાણ્યા સામે ગાળાગાળી કરી ઢીકાપાટુથી તેમજ ચાવીનો જુડો મારી ઇજા પહોંચાડી છરી બતાવી મારી નાંખવાની ધમકી આપવાનો ગુનો નોંધ્યો હતો.

વધુ માહિતી અનુસાર કપીલગીરી ગોસ્વામીએ ફરિયાદમાં જણાવ્યું છે કે મંગળવારે બપોરે હું ઓફિસના કામ માટે ફીલ્ડમાં હતો ત્યારે અમારી દૂધસાગર રોડ પર આવેલી આજી-૧ સબ ડીવીઝન પીજીવીસીએલ ઓફિસમાં સ્માર્ટ મીટરના બીલ વિતરણનું કામ કરતાં લક્ષ્મણભાઇ મકવાણાનો મને ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે હું બીલ વિતરણ કરવા કુબલીયાપરામાં ગયો હતો ત્યારે સાગર પાન પાસે મારું મોટરસાઇકલ એક બહેનના એક્સેસ સાથે સ્લેજ ભટકાઇ ગયું છે. સામાન્ય અકસ્માતમાં આ બહેન મારી સાથે બોલાચાલી કરી સારવારનો ખર્ચ માંગે છે. આ વાત સાંભળી હું કુબલીયાપરામાં ગયો હતો. જ્યાં લક્ષ્મણભાઇ પાસે એક્સેસ નં. જીજે૦૩એમકે-૧૧૯૨ સાથે એક મહિલા હાજર હતાં.



એ દરમિયાન ત્રણ અજાણ્યા શખ્સો ત્યાં આવી ગયા હતાં. આ લોકોને મેં કહેલું કે સામાન્ય અકસ્માત છે, સારવારમાં આ બહેનને લઇ જાઓ, જે ખર્ચો થશે એ અમે આપી દઇશું તેમ કહેતાં આ શખ્સો ઉશ્કેરાઇ ગયા હતાં અને મને જેમ ફાવે તમ ગાળો દેવા માંડ્યા હતાં. મેં ઝઘડો કરવાની ના પાડતાં આ શખ્સો વધુ ગુસ્સે થયા હતાં અને મને ઢીકાપાટા મારવા માંડ્યા હતાં. જેથી લક્ષ્મણભાઇ મને બચાવવા વચ્ચે પડતાં તેને પણ આ લોકોએ માર માર્યો હતો. બાદમાં એક શખ્સના હાથમાં ચાવીનો જુડો હોઇ તેણે મને નાકના ભાગે આ જુડો મારી દીધો હતો.

આ પછી એક શખ્સે નેફામાંથી છરી કાઢી-મારું નામ ભાવેશ પરમાર છે, હું કુબલીયાપરામાં રહું છું, આ છરી કોઇની સગી નહિ થાય, તું જીવથી જઇશ તેમ કહી મને ધમકી આપી હતી. મને નાકના ભાગે ઇજા થઇ હોઇ લોહી નીકળતું હોઇ લક્ષ્મણભાઇ મને દવાખાને લઇ ગયા હતાં. જ્યાં સારવાર લીધા બાદ પોલીસ ફરિયાદ કરી હતી. તેમ વધુમાં નાયબ અધિક્ષકે જણાવતાં થોરાળા પોલીસ સ્ટેશનના ઇન્સપેકટર એસ. પી. સોઢાના માર્ગદર્શનમાં હેડકોન્સ. એન. એસ. ડામોરએ એફઆઇઆર દાખલ કરી તપાસ હાથ ધરી હતી. શહેરમાં અવાર-નવાર આ રીતે કોઇને કોઇ શખ્સો ગમે તેની સામે થઇ જાય છે અને ધોકા છરી ઉલાળી ધમકીઓ આપતાં રહે છે. આવી ઘટના અવાર-નવાર બને છે જેમાં આ વધુ એક બનાવ ઉમેરાઇ ગયો હતો.

# પહેલા રૂા. ૧૬૦નો નફો દીધો પછી ૧૦ લાખનો ચૂનો

### ટાસ્કના નામે ઘરે બેઠા કમાણી કરવા જતાં બીબીએના છાત્રે સાથે ફ્રોડઃ શરૂઆતમાં મફત ટાસ્ક આપ્યા પછી પ્રીપેઇડના નામે છેતર્યો

રાજકોટ તા. ૨૮

ઓનલાઇન ઘરે બેઠા ટાસ્ક પુરા કરી કમાણી કરવાની લાલચ આપી સાયબર ગઠીયાઓ સતત ફ્રોડ આચરી રહ્યા છે. તાજેતરમાં રાજકોટમાં આવી જ એક ઘટનામાં એક મહિલા સાથે સાડા પાંચ લાખની ઠગાઇ થઇ હતી. ત્યાં હવે એક વિદ્યાર્થીને ટાસ્કના નામે સાયબર ગઠીયાઓએ નવ લાખ છાંસઠ હજારનો ડામ આપી દીધો હતો. આ છાત્રને ટાસ્કના નામે પહેલા વ્હોટએપ ગ્રુપમાં એડ કરી દેવાયો હતો. બાદમાં ફ્રી ટાઇમમાં ટાસ્ક પુરા કરી મોટી રકમ કમાઇ શકાય છે તેવા મેસેજ મોકલી લલચાવીને તેના બેંક ખાતામાંથી લાખો રૂપિયા ઉસેડી લેવાયા હતાં.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદ શહેરમાં સાયબર ગઠિયાઓ અવનવી મોડસ ઓપરેન્ડી અજમાવીને નિર્દોષ લોકોને પોતાના શિકાર બનાવી રહ્યા છે. શહેરના નરોડા વિસ્તારમાં રહેતા અને બીબીએમાં અભ્યાસ કરતા એક કોલેજિયન યુવકને પાર્ટ ટાઇમ ટાસ્ક પૂરા કરીને ઘરબેઠા લાખો રૂપિયા કમાવાની લાલચ આપીને સાયબર ઠગોએ ૯.૬૬ લાખની છેતરપિંડી



આચરી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. ઠગ ગેંગે યુવકને અગાઉથી કોઈ પણ જાણ કર્યા વિના એક અજાણ્યા વોટ્સએપ ગ્રૂપમાં જોડી દીધો હતો, જ્યાં ફ્રી ટાઇમમાં સરળતાથી મોટા નાણાં કમાવવાની વાતો અને સ્કીમો દર્શાવવામાં આવતી હતી.

આ પછી વ્હોટ્સએપ ગ્રૂપમાં થતી ચર્ચાઓ જોઈને યુવકે તેમાં રસ દાખવતાં ગઠિયાઓએ તેને એક લિંક મોકલી હતી અને ઈ-કોમર્સ સાઇટ એમેઝોનની વિવિધ પ્રોડક્ટ્સને રેટિંગ આપવાનો સરળ ટાસ્ક સોંપ્યો હતો. યુવકે આ ટાસ્ક સફળતાપૂર્વક પૂરો કરતાં ગઠિયાઓએ તેનો વિશ્વાસ જીતવા માટે શરૂઆતમાં પ્રોત્સાહન રૂપે ૧૬૦ ચૂકવ્યા હતા. ત્યારબાદ બીજા દિવસે વધુ ટાસ્ક પૂરા કરાવ્યા બાદ ગઠિયાઓએ નવી ચાલ રમી હતી. તેમણે જણાવ્યું હતું કે હવે પછીના ટાસ્ક પ્રીપેઇડ પ્રકારના છે અને તેમાં રોકાણ કરવાથી અનેકગણો નફો મળશે.

આ લાલચમાં આવીને યુવકે પ્રથમ વખત ૧૧૨૪ જમા કરાવ્યા હતા. જેની સામે ટાસ્ક પૂર્ણ થતાં તેને સિસ્ટમમાં મોટો નફો થયો હોવાનું દર્શાવવામાં આવ્યું હતું.મોટા નફાની લાલચ આપીને સાયબર ગઠિયાઓની ટોળકીએ યુવક પાસેથી ધીરે ધીરે જુદા જુદા પ્રીપેઇડ ટાસ્કના બહાને કુલ રૂપિયા નવ લાખ છાંસઠ હજાર વિવિધ ખાતાઓમાં જમા કરાવી લીધા હતા.

જોકે, જ્યારે યુવકે પોતાના જમા નાણાં અને કથિત નફો ઉપાડવાનો પ્રયાસ કર્યો ત્યારે ઠગોએ વધુ પૈસા ભરવાની માંગણી કરી હતી. આખરે પોતાની સાથે મોટી છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થતાં યુવકે તાત્કાલિક સાયબર ક્રાઇમ બ્રાંચનો સંપર્ક સાધી વિધિવત ફરિયાદ નોંધાવી હતી. પોલીસે યુવકની અરજીના આધારે ગુનો નોંધી બેંક ટ્રાન્ઝેક્શન અને ડિજિટલ ફૂટ-ન્ટ્સના આધારે આંતરરાજ્ય સાયબર ગેંગને ઝડપી પાડવા વધુ તપાસ આદરી હતી. આમ વધુ એક વખત સાયબર ગઠીયાઓએ ઘરે બેઠા ફ્રી ટાઇમમાં કમાણી કરી શકાય છે તેવી લાલચ આપી શરૂઆતમાં નાના ટાસ્કમાં નાનો નફો આપ્યા બાદ પ્રીપેઇડ ટાસ્કના નામે દસ લાખ જેવી રકમ ઉસેડી લેતાં વિદ્યાર્થીની હાલત ખરાબ થઇ ગઇ હતી.

### રેલનગરમાં રાતે મિત્રો સાથે ઉભેલા ટ્રાવેલ્સ સંચાલક પર સહધંધાર્થી સહિત ત્રણનો હુમલો

# અમારાથી ઓછા ભાડામાં વાહન કેમ આપે છે? યુવાનને છરીના ઘા

### યુવાન સાત કાર ધરાવે છે અને ટ્રાવેલ્સનો ધંધો કરે છેઃ સામેવાળાએ પહેલા ફોનમાં બોલાચાલી કરી પછી રૂબરૂ આવી ઘા કરી લીધાઃ પ્રદ્યુમનનગર પોલીસે દાખલ કરી FIR

રાજકોટ તા. ૨૮

જુદા જુદા કારણોસર માથાકુટના બનાવો અવાર-નવાર બને છે. ઘણીવાર એક સરખા ધંધા ધરાવતાં બે શખ્સો ધંધાખારને કારણે મારામારી પર ઉતરી આવતાં હોય છે. આવી જ એક ઘટના રેલનગરમાં બની હતી. જેમાં રેલનગરમાં રહેતાં ટ્રાવેલ્સ સંચાલક યુવાનને રાતે મુરલીધર ચોકની મોમોઇ હોટલ પાસે ત્રણ જણાએ તું કેમ વાહનના ભાડા અમારા કરતાં ઓછા રાખે છે તેવુ કહીને મારકુટ કરી છરીના ઘા મારી દેતાં વાત પોલીસ સુધી પહોંચી હતી.

વિગતો જોઇએ તો આ બનાવમાં પ્ર.નગર પોલીસે રેલનગર નિલકંઠ પાર્ક શેરી નં. ૩ બ્લોક નં. ૪માં રહેતાં વિજયસિંહ મોહનસિંહ વાઘેલા નામના પચ્ચીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી રેલનગરના પીન્ટુ ચાવડા, ઇસ્માઇલ છદવાણી અને અજાણ્યા શખ્સ સામે ગુનો દાખલ કર્યો હતો. વિજયસિંહ વાઘેલા માતા, પિતા, ભાઇ, ભાભી સાથે રહે છેઅ ને ટ્રાવેલ્સનો ધંધો કરે છે. તેણે ફરિયાદમાં જણાવ્યું છે કે મારી પાસે ૭ ફોરવ્હીલ છે જેને વર્ધીમાં



ચલાવવા સેલ્ફ રેન્ટથી ભાડે આપુ છું. રાતે દોઢેક વાગ્યે હું તથા મારા મિત્રો પ્રિયંક પટેલ, હાર્દિક મિયાત્રા તથા ભગીરથ જાડેજા એમ બધા રેલનગર મુરલીધર ચોક પાસે આવેલી મોમાઇ હોટેલના ઓટલે બેઠા હતા.

તે દરમિયાન મિત્ર ઋતુરાજસિંહ ઝાલા પોતાની સ્કોર્પિયો કાર જીજે૦૩-૫૪૯૧ લઇને આવ્યો હતો અને જણાવ્યું હતું કે પીન્ટુ ચાવડાએ બોલાવ્યો છે. આથી હું તેની સાથે ગયો હતો. પરંતુ પીન્ટુ ચાવડા ન મળતાં ઋતુરાજસિંહે ફોન કરી વાત કરી હતી અને ઇસ્માઇલ છદવાણી સ્કોર્પિયો કાર લઇને ત્યાં આવ્યો હતો.આ પછી અમે બધા મોમાઇ હોટેલ પાસે બેઠા હતાં. ત્યારબાદ બે વાગ્યે પીન્ટુનો મારા ફોનમાં ફોન આવ્યો હતો કહ્યું હતું કે-તું કેમ મારા ઘરે આવવાની વાત કરે છે? જેથી મેં કહેલું કે મારે તારી સાથે વાહનના ધંધામાં તારા ઘરે આવવા જવાનો વ્યવહાર છે એવી જ વાત કરી છે બીજુ કંઇ બોલ્યો નથી.

આથી પીન્ટુએ હું આવુ છું તમે ત્યાં જ રહેજો તેમ કહ્યું હતું. બાદમાં રાત્રે સવા બે વાગ્યાના અરસામાં ઇસ્માઇલ, પીન્ટુ ચાવડા અને તેની સાથે અન્ય એક અજાણ્યો માણસ ત્રણેય જણા ત્રણ સવારીમાં ત્યાં આવ્યા હતા. પીન્ટુ ચાવડાએ આવીને તું અમારા કરતા ઓછા ભાડામાં વાહન કેમ આપે છે? તેમ કહી ઝઘડો કરી કાંઠલો પકડી ઢીકાપાટુનો માર મારવાનું શરૂ કર્યું હતું. તે દરમિયાન ઇસ્માઇલે પોતાની એક્સેસ મોટરસાઇકલની ડેકીમાંથી છરી કાઢી હુમલો કરતા મેં આડો હાથ રાખતા માથાના ભાગે વાગ્યો હતો.

ત્યારબાદ ઇસ્માઇલે બીજો છરીનો ઘા પેટમાં મારવા જતા હું ખસી જતાં જમણા પગના પંજાના ભાગે વાગ્યો હતો અને સાથેના અજાણ્યા શખ્સે પણ ઢીકાપાટુનો માર માર્યો હતો. હુમલા દરમિયાન મિત્રો વચ્ચે પડતા પીન્ટુ સહિતના નાસી છૂટ્યા હતા. મને માથા તથા પગમાં છરીના ઘા વાગવાથી લોહી નીકળવા લાગતા મિત્ર પ્રિયંક પ્રાઇવેટ વાહનમાં મધુરમ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ ગયા હતા, જ્યાં માથા અને પગમાં ટાંકા લઈ સારવાર આપવામાં આવી હતી.ધંધાકીય અદાવત રાખી ઢીકાપાટુનો માર મારી છરીથી ઇજા પહોંચાડાઇ હતી. હોસ્પિટલ મારફત જાણ થતાં પ્ર.નગર પીઆઇ એમ. ડી. મકવાણાની રાહબરીમાં એએસઆઇ એમ. એ. સોલંકીએ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

### કાળનું તેડુ કેવી રીતે ક્યાં આવી જાય તેની કાળા માથાના માનવીને નથી હોતી જાણ

# કૂવો, માલવાહક લિફ્ટ, આગ ને ઝેર મોતના કારણો

### ગઢકામાં કૂવામાં પડી જતાં મજૂરનું મોતઃ કોઠારીયા સોલવન્ટમાં માલવાહક લિફ્ટમાં માથું ભટકાતાં યુવાનનું, રામપર બેટીમાં દાઝી જતાં મહિલાનું, ગારીયાધાર વાવડીમાં ઝેર પી લેતાં મહિલાનું થયું મૃત્યુઃ પરિવારોમાં કાળો કલ્પાંત

રાજકોટ, તા. ૨૮

કાળા માથાના માનવીને અલગ અલગ રીતે પરલોકના તેડા આવી જતાં હોય છે. ક્યારે કઇ જગ્યાએ શેના કારણે માણસની જિંદગી ખતમ થઇ જાય તે જાણી શકાતું નથી. ચાર અલગ અલગ ઘટનામાં યુવાન માટે કૂવો, બીજા યુવાન માટે માલવાહન લીફ્ટને કારણે મોત થયું હતું. તો એક મહિલા માટે આગ અને એક મહિલા માટે ઝેર જીવલેણ બનીગયા હતાં. આ ચારેય ઘટના રાજકોટના ત્રંબા નજીક ગઢકા ગામે વાડીએ, કોઠારીયા સોલવન્ટ વિસ્તારના કારખાને અને કુવાડવા નજીક બેટી રામપરા ગામે અને ગારીયાધારના વાવડી ગામે બની હતી.

વિગતો પર નજર કરીએ તો પ્રથમ બનાવમાં ત્રંબા નજીક આવેલા ગઢકા ગામે અશોકભાઇ કલોલની વાડીમાં રહી મજૂરી કરતો મજૂર વાડીના કૂવામાં પડી જતાં ડૂબી જતાં શ્વાસ રૂંધાઇ ગયા હતાં. જાણવા મળ્યા મુજબ મુકેશભાઇ છનાભાઇ નાયકા નામનો પાંત્રીસ વર્ષનો યુવાન રાતે અગીયારેક વાગ્યે વાડીમાં આવેલા કૂવામાંથી પાણી ભરતો હતો ત્યારે અકસ્માતે પગ લપસતાં અંદર પડી ગયો હતો. બનાવને પગલે વાડી માલિક સહિતના લોકો ભેગા થઇ ગયા હતાં અને મુકેશભાઇને બેભાન હાલતમાં બહાર કાઢ્યો હતો.

આ દરમિયાન કોઇએ જાણ કરતાં ૧૦૮ પણ પહોંચી હતી. તેના તબિબ ડો. રાજેશભાઇ પરમારે મુકેશભાઇને મૃત જાહેર કરતાં મજૂર પરિવારમાં શોક વ્યાપી ગયો હતો. ઘટનાની જાણ આજીડેમ પોલીસન કરવામાં આવતાં હેડકોન્સ. એમ. ડી. મુંધવા સહિતે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો.

બીજા એક બનાવમાં માલવાહક લિફ્ટ મોતનું કારણ બની હતી. કોઠારીયા મંછાનગરમાં રહેતાં ભુપત લાખાભાઇ રાણગા યુવાનનું સોલવન્ટ વિસ્તારમાં આવેલા કારખાનામાં હતો ત્યારે માલસામાનની લિફ્ટમાં હતો તે વખતે માથામાં ગંભીર ઇજા થતાં મૃત્યુ થયું હતુંકોઠારીયા મંછાનગરમાં રહેતો સત્તર વર્ષનો ભુપત લાખાભાઇ



રાણગા નામનો યુવાન ગઇકાલે રાતે પોણા દસેક વાગ્યે કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં હુશેની ચોક પાસે આવેલા પાવર ઇન્ડસ્ટ્રી નામના કારખાને કામ કરતો હતો.

તે વખતે માલસામાન હેરફેરની લિફ્ટમાં ઉભો હોઇ લિફ્ટ ચાલુ થતાં માથું દિવાલમાં અથડાતાં ગંભીર ઇજા થતાં બેભાન થઇ ઢળી પડ્યો હતો. બનાવની જાણ થતાં ૧૦૮ પહોંચી હતી. તેના ઇએમટી તબિબ ઉર્વશીબેન ગઢાદરાએ તેને મૃત જાહેર કરતાં સાથી કર્મચારીઓમાં શોક છવાઇ ગયો હતો. બનાવની જાણ થતાં પરિવારજનો પહોંચ્યા હતાં. યુવાન દિકરાના મોતથી પરિવારમાં શોક વ્યાપી ગયો હતો. આજીડેમ પોલીસ સ્ટેશનના પીએસઆઇ જે. એમ. જાડેજાએ ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો.

ત્રીજી અપમૃત્યુની ઘટના જોઇએ તો કુવાડવા નજીક રામપર બેટી ગામે રહેતાં નીરૂબેન દિનેશભાઇ ભલગામડીયા નામના સાડત્રીસ વર્ષના મહિલા એક મહિના પહેલા ઘરે દાઝી જતાં રાજકોટ સારવરા અપાવી અમદાવાદ વધુ સારવાર માટે ખસેડાયા હતાં. જ્યાં તેમનું સારવાર દરમિયાન મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. વધુ માહિતી જોઇએ તો રામપર બેટી ગામે રહેતાં નીરૂબેન ભલગામડીયા નવમી સપ્ટેમ્બરના રોજ સવારે સાડા આઠેક વાગ્યે વાડીએ રસોડામાં ચા બનાવતાં હતાં.

ત્યારે ભડકો થતાં ઝાળ લાગી જતાં દાઝી જતાં કુવાડવા ખાનગી હોસ્પિટલમાં અને ત્યાંથી રાજકોટ સિવિલમાં ખસેડાયા બાદ વધુ સારવાર માટે અમદાવાદ સિવિલમાં લઇ જવાયા હતાં. જ્યાં તેણીનું મૃત્યુ થયું છે. બનાવની જાણ અમદાવાદ શાહીબાગ પોલીસે એરપોર્ટ પોલીસને કરતાં પીએસઆઇ બી. વી. સરવૈયાએ વિશેખ કાર્યવાહી કરી હતી.

ચોથા બનાવમાં ગારીયાધાર તાબેના નાની વાવડી ગામે રહેતી કાજલબેન મુકેશભાઇ નારોલા નામની ચોત્રીસ વર્ષની મહિલાએ ઝેરી દવા પી લેતાં રાજકોટ સારવાર માટે ખસેડાઇ હતી. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તેણીના લગ્ન સત્તર વર્ષ પહેલા થયા હતાં.સંતાનમાં બે દિકરા છે. રાજકોટ પોલીસે જાણ કરતાં ગારીયાધાર પોલીસ આપઘાતનું કારણ જાણવા વધુ તપાસ કરશે. આમ ચાર ઘટનાઓમાં કૂવો, માલવાહક લિફ્ટ, આગ અને ઝેરી મોતનું કારણ બની ગયા હતાં.

### મહિલાએ પતિ, દિકરા સાથે મળી કાંટો કાઢ્યોઃ લાશને સડવા મુકી ભાગી ગયા

# ત્રિકોણીય લફરામાં આધેડ પ્રેમીની હત્યા

## બીજી ઘટનામાં મજાક વકરી ગઇ અને યુવાનને છરીના ઘા ઝીંકી પતાવી દેવાયો

રાજકોટ તા. ૨૮

હત્યાની વધુ બે ઘટનાઓ બની હતી. જેમાં એક કિસ્સામાં ત્રિકોણીય પ્રેમ કહાની કારણભુત હતી. જેમાં એક મહિલાએ પોતાના પતિ, દિકરા સાથે મળી પોતાની જ સાથે રહેતાં આધેડ વયના પ્રેમીને પતાવી દીધો હતો. હથીયારોના ઘા ઝીંકી તેમજ ગળુ દાબી હત્યા કરી લાશને સડવા મુકી ભાગી ગયા હતાં. બીજી ઘટનામાં મજાક મશ્કરીમાં ડુક્કર કહીને બોલાવવા મામલ હત્યા થઇ હતી.

પ્રથમ ઘટના જોઇએ તો સુરતના ડિંડોલી વિસ્તારમાં સંબંધોની વિકૃતિ અને ત્રિકોણીય પ્રેમ પ્રકરણમાં એક આધેડની ઘાતકી હત્યાનો સનસનીખેજ મામલો સામે આવ્યો છે. ભાડાના મકાનમાં રહેતા અને કલરકામ કરતા પચાસ વર્ષીય આધેડની મોઢા પર તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી તેમજ ગળું દબાવીને કરપીણ હત્યા કરી દેવામાં આવી હતી. આ ઘટનામાં મૃતકની સાથે પત્ની તરીકે રહેતી મહિલા, તેનો અસલી પતિ અને પુત્ર હત્યાને અંજામ આપી રૂમ બહારથી લોક કરી ફરાર થઈ ગયા હોવાનું બહાર આવ્યું હતું.

વધુ માહિતી અનુસાર ડિંડોલી સાંઈ પોઈન્ટ પાસે આવેલી લક્ષ્મીનારાયણ સોસાયટીમાં શિક્ષાચાલક શ્રીકાંત ઉદયરાજ તિવારીના મકાનમાં ઉપરના માળે મૂળ મધ્યપ્રદેશના સતના જિલ્લાના વતની પચાસ વર્ષના રાજેશ રામસ્વરૂપ મિશ્રા છેલ્લા છ મહિનાથી ૨ હજાર રૂપિયાના માસિક ભાડે રહેતા હતા. ગત ૨૩ ઓક્ટોબરની સવારે ઘરમાંથી અસહ્ય દુર્ગંધ આવતાં મકાનમાલિકને શંકા ગઈ હતી, જેથી તેમણે રાજેશના કોન્ટ્રાક્ટર શેઠ આશિષભાઈ અને તેના પરિચિતોને જાણ કરી હતી. પોલીસની હાજરીમાં રૂમનું તાળું તોડવામાં આવતાં અંદરથી રાજેશ મિશ્રાનો કોહવાયેલી અને ફૂલેલી હાલતમાં મૃતદેહ મળી આવતાં ચકચાર મચી ગઈ હતી. ઘટનાસ્થળે પહોંચેલી પોલીસની -થમિક તપાસમાં રાજેશના મોઢાના જમણી બાજુના ભાગે તીક્ષ્ણ હથિયારના ડા ઘા મારવામાં આવ્યા હોવાનું અને લોહી જામી ગયેલું જોવા મળ્યું હતું.

આ ઉપરાંત ગળા તથા છાતીના ઉપરના ભાગે કાળા નિશાન દેખાતા હોવાથી હથિયારના ઘા મારવાની સાથે ગળું દબાવીને હત્યા કરાઈ હોવાની શંકા ગઈ. મકાનમાલિકના જણાવ્યા મુજબ વીસમી ઓક્ટોબરની રાત્રે રૂમમાંથી ઝઘડાનો અવાજ આવ્યો હતો. ત્યારથી ત્રેવીસમી ઓક્ટોબરની સવાર વચ્ચેના સમયગાળામાં આ હત્યાને અંજામ આપવામાં આવ્યો હતા. પોલીસ અને સ્થાનિક સૂત્રો પાસેથી મળેલી ચોંકાવનારી વિગત મુજબ, રાજેશ મિશ્રા જ્યારે ભાડે રહેવા આવ્યો, ત્યારે તેની સાથે રહેતી રાજાબાઈ ઉર્ફે રાણી નામની મહિલાને પોતાની પત્નિ તરીકે



ઓળખાવી હતી.

આ રૂમમાં તેમની સાથે રામપ્રસાદ અને ગોલુ નામના બે વ્યક્તિ પણ રહેતા હતા. જોકે સમગ્ર મામલાની અંદરની હકીકત એવી બહાર આવી કે રાજાબાઈ અને રાજેશ વચ્ચે અનૈતિક પ્રેમસંબંધ હતો, જ્યારે સાથે રહેતો રામપ્રસાદ હકીકતમાં રાજાબાઈનો કાયદેસરનો પતિ અને ગોલુ તેમનો પુત્ર હતો. એક જ છત નીચે પ્રેમી, પ્રેમિકા, અસલી પતિ અને પુત્ર સાથે રહેતા હોવાથી રોજબરોજ ઉગ્ર વિવાદો થતા હતા.

આ ત્રિકોણીય પ્રમપ્રકરણ અને પારિવારિક ગૂંચવણના કારણે ઘરમાં સતત તણાવ રહેતો હતો. આખરે અદાવત અને ઝઘડાઓથી કંટાળીને રાજાબાઈ, તેના અસલી પતિ રામપ્રસાદ અને પુત્ર ગોલુએ એકસંપ થઈને રાજેશનો કાંટો કાઢી નાખવાનું ષડયંત્ર રચ્યું હોવાનું મનાઈ રહ્યુ હતું. હત્યા કર્યા બાદ ત્રણેય આરોપીઓ રૂમને બહારથી તાળું મારીને રફુચક્કર થઈ ગયા હતા. ડિંડોલી પોલીસે હત્યાનો ગુનો નોંધી ફરાર ત્રણેય આરોપીને ઝડપી પાડવા અલગ-અલગ ટીમો બનાવી તપાસના ચક્રો ગતિમાન કર્યા હતાં.

બીજી ઘટના જોઇએ તો સુરતના રાંદેર વિસ્તારમાં નજીવી મજાક-મસ્તીમાં મિત્રએ જ મિત્રને મોત આપ્યું. એકબીજાને ડુક્કર કહેવા જેવી સામાન્ય બાબતે થયેલી બોલાચાલી બાદ બે શખ્સોએ ભેગા મળી એક યુવક પર ચપ્પુ વડે જીવલેણ હુમલો કરી તેને રહેંસી નાખ્યો હતો. ગંભીર હાલતમાં સારવાર હેઠળ રહેલા યુવકનું ટૂંકી સારવાર બાદ હોસ્પિટલમાં મોત નીપજતાં મામલો હત્યામાં ફેરવાયો છે. આ બનાવ અંગે રાંદેર પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવા તપાસ શરૂ કરી હતી. પોલીસ ફરિયાદ અનુસાર, રાત્રે રાંદેર શીતલ ચાર રસ્તા નજીક સુભાષનગર પાસે આવેલા ગણપત ફર્નિચરના ગેટ પાસે આ ઘટના બની હતી. ત્યાં જાવિદ મુબીન શેખ પોતાના મિત્રો આરીફ ઉર્ફે ઇલ્લા, ઇરફાન ઉર્ફે કાલીયો, શાર્દુલ મન્સુર, મુકા તથા ઇરફાન ઉર્ફે કમાન્ડો સાથે ભા રહીને વાતચીત અને મજાક-મસ્તી કરી રહ્યા હતા. તે દરમિયાન જાવિદ અને ઇરફાન ઉર્ફે કમાન્ડો વચ્ચે એકબીજાને 'ડુક્કર' કહેવા બાબતે ઉગ્ર બોલાચાલી અને ઝપાઝપી શરૂ થઈ ગઈ હતી.

આ દરમિયાન ઝઘડો વધતાં જ ઇરફાન ઉર્ફે કમાન્ડોએ પોતાના અન્ય સાથી અસ્ફાક ઉર્ફે આસુને ચપ્પુ લઈને બોલાવ્યો હતો. અસ્ફાક ચપ્પુ લઈને આવતાની સાથે જ બંને જણાએ જાવિદ સાથે ફરી ઝઘડો કર્યો હતો અને ઇરફાને અસ્ફાક પાસેથી ચપ્પુ લઈ જાવિદ પર તૂટી પડ્યો હતો. તેણે જાવિદના ડાબા કપાળ, ડાબી છાતી, ડાબી પીઠ તથા બંને પગના ભાગે ચપ્પુના ઉપરાછાપરી ઘા મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. હુમલો કર્યા બાદ બંને આરોપીઓ ત્યાંથી ફરાર થઈ ગયા હતા. લોહીલુહાણ હાલતમાં જાવિદને તાત્કાલિક નજીકની લાઈફ લાઇન હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેને ત્દ્ય વોર્ડમાં દાખલ કરવામાં આવ્યો હતો. જોકે, ગંભીર ઈજાઓને કારણે આજે સારવાર દરમિયાન ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. આ મામલે મૃતકની પત્નીએ રાંદેર પોલીસ સ્ટેશનમાં ઇરફાન ઉર્ફે કમાન્ડો રમઝાન શેખ અને અસ્ફાક ઉર્ફે આસુ દાઉદ મિયાણી સામે ફરિયાદ નોંધાવી છે. રાંદેર પોલીસે હત્યાનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી. આમ બબ્બે હત્યાની ઘટના બની ગઇ હતી.

## ચોર સોલાર પ્લાન્ટમાંથી કોપર વાયર કાપી ગયા

### કુવાડવા નજીક બનાવઃ એક લાખ ઓગણત્રીસ હજારનો વાયર ચોરાઇ ગયાની ફરિયાદ

રાજકોટ તા. ૨૮

ચોર ગમે ત્યાં ગમે ત્યારે ત્રાટકીને જે મળે એ લઇ જતાં હોય છે. દરમિયન રાજકોટ અમદાવાદ હાઇવે પર ત્રીમંદિરથી ધમલપર જવાના રસ્તે જયદીપ કોટન પાન પાવર સોલરા પ્લાન્ટ કંપની ખાતેથી તસ્કરો રૂા. ૧,૨૯,૯૨૦ની કિંમતનો કોપર વાયર ચોરી ગયા હતાં. આ બનાવમાં પોલીસે મોરબી રોડ સેટેલાઇટ ચોક પ્રવસ્તી હાઇટ વિંગ-એ, ફલેટ નં. ૪૦૧માં રહેતાં અને સોલાર પ્લાન્ટમાં સુપરવાઇઝર તરીકે નોકરી કરતાં વિરેનભાઇ જગદીશભાઇ સિધ્ધપરા (ઉ.વ.૩૧)ની ફરિયાદ પરથી કુવાડવા રોડ પોલીસે ગુનો નોંધ્યો હતો. તે આ કંપનીમાં નવેક મહિનાથી નોકરી કરે છે. તેની તેમની ફરજ સોલાર પ્લાન્ટમાં ટેકનિકલ પ્રોબ્લેમ આવે તેને રીપર કરવાની છે.

વધુ માહિતી અનુસાર છવ્વીસમીએ સાંજે નોકરી પુરી કરી ઘરે ગયા બાદ બીજા દિવસે સવારે નોકરી પર આવ્યા ત્યારે પ્લાન્ટના હેલ્પર તરીકે કામ કરતા નંદકિશોરભાઇએ જાણ કરી હતી કે રાત્રીના આશરે બારેક વાગ્યાની આસપાસ તેઓ મીટરનું રીડીંગ લેવા ગયા હતા અને સવારે દસ વાગ્યાની આસપાસ ઇન્વર્ટર નં. ૮માં ટેકનિકલ ખામી જણાતા એસ.એમ.બી. બંધ કરવા ગયેલ ત્યારે સોલાર પ્લેટની ચેનલનો વાયર નજરે પડ્યો ન હતો. આથી તપાસ કરતા સોલાર પ્લેટ ચેનલનો ૬ સ્કવેર એમ.એમ.ડી.સી.નો કાળા રંગનો કોપર વાયર જોવા મળ્યો ન હતો. જેની લંબાઇ માપતા અશરે ૭,૭૪૫ મીટર અને વજન અંદાજે ૪૬૪ કિલોગ્રામ થવા પામ્યું હતું. આ વાયરની કિંમત આશરે રૂપિયા ૧,૨૯,૮૨૦ હોવાનું જણાયું હતું. બનાવ અંગે શેઠ નિધેયભાઇ પાનને ફોનથી જાણ કરવામાં આવતા તેમણે કે બલ ચોરી બાબતે ફરિયાદ લખાવવાનું કહ્યું હતું. કુવાડવાના હેડકોન્સ. લક્ષમણભાઇ મહાજને એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

### આપમેળે મોબાઇલ અપડેટ થયો અને એપ ઇન્સ્ટોલ થઇ ગઇઃ ખાતામાં ઓગણચાલીસ રૂપિયા જ વધ્યા

## બી-પ્લે પ્રો એપથી બેંક ખાતું ખાલી!

### મોબાઇલ વારંવાર આપમેળે અપડેટ કે રિસ્ટાર્ટ થતો હોય અથવા સ્ક્રીન બ્લોક થવા લાગે તો ફોનમાં માલવેર કે રિમોટ એક્સેસ ટૂલ હોવાની શક્યતા રહે છે : આવી સ્થિતિમાં તાત્કાલિક ઈન્ટરનેટ બંધ કરી દેવુંઃ ઠગાઇના બીજા બનાવમાં કાપડના વેપારીને દસ લાખનો ધૂંબો

રાજકોટ તા. ૨૮

ઓનલાઇન સાયબર ફ્રોડ આચરતા ગઠીયાઓ રોજેરોજ કોઇના ને કોઇના બેંક ખાતા ખાલી કરી નાંખતા હોય છે. દરમિયાન એક મેડિકલ સ્ટોરના કર્મચારી સાથે ઓનલાઇન ઠગાઇ થઇ ગઇ હતી. આ યુવાનના ફોનમાં એક એપ ઇન્સ્ટોલ થઇ ગઇ હતી અને બાદમાં તેનો ફોન હેક થઇ ગયો હતો અને બાદમાં બેંક ખાતુ ખાલી થઇ ગયું હતું.

વિગતો જોઇએ તો વડોદરાના લક્ષ્મીપુરા રોડ સ્થિત ફાર્મસીની દુકાનમાં નોકરી કરતા કર્મચારીના મોબાઇલમાં અજાણી એપ ડાઉનલોડ થતાં ભેજાબાજોએ બેંક ખાતામાંથી રૂા.૬૦,૮૦૦ની રકમ ટ્રાન્સફર કરી લીધી હતી. બનાવ અંગે લક્ષ્મીપુરા પોલીસે છેતરપિંડીનો ગુનો નોંધ્યો હતો. ગોત્રી રોડના ગોકુલનગરમાં રહેતા કેતન શેઠ લક્ષ્મીપુરા રોડ પર અનંતા ટ્રેડ ખાતે અપોલો ફાર્મસીમાં ફરજ બજાવે છે. તેમનો મોબાઈલ આપમેળે અપડેટ મોડમાં જતો રહ્યો હતો અને બેંકિંગ સહિતની એપ બંધ થઈ ગઈ હતી. સાથે કામ કરતા મિત્રે તપાસતાં તેમાં બી-પ્લે પ્રો નામની એપ જોવા મળી હતી.

આ પછીઆ શંકાસ્પદ એપ ડિલીટ કરી ફોન રિસેટ કર્યા બાદ કેતનભાઇએ બેલેન્સ જોતાં ખાતામાં રૂા.૩૫ જ હોવાનું જણાયું હતું. ગઠિયાઓએ ૩ ટ્રાન્ઝેક્શન મારફતે રૂા.સાઇઠ હજાર આઠસો ટ્રાન્સફર કરી લીધા હતા. તપાસમાં આ ઠગાઇના રૂપિયા ત્રણ બેંકમાં ગયા હોવાનું સામે આવ્યું હતું. અહિ ફ્રોડની રકમ નાની હતી પરંતુ ગઠીયાઓએ કેવી તરકીબ અજમાવી તે જાણવા જેવુ છે. સાયબર ગઠીયાઓ ગમે તેમ કરીને લોકોને છેતરી લેતાં હોય છે. તેનો આ પુરાવો છે. આવા ફ્રોડથી બચવા માટે કોઈ પણ અજાણી લિંક, એસએમએસ કે સોશિયલ મીડિયા મેસેજ દ્વારા મોકલેલી એપીકે ફાઈલ કે અનવેરિફાઇડ એપ ફોનમાં ઈન્સ્ટોલ ન કરવી. હંમેશાં સત્તાવાર પ્લેટફોર્મ પરથી જ એપ્લિકેશન ડાઉનલોડ કરવી.

મોબાઇલ વારંવાર આપમેળે અપડેટ કે રિસ્ટાર્ટ થતો હોય અથવા સ્ક્રીન બ્લોક થવા લાગે તો ફોનમાં માલવેર કે રિમોટ એક્સેસ ટૂલ હોવાની શક્યતા રહે છે. આવી સ્થિતિમાં તાત્કાલિક ઈન્ટરનેટ બંધ કરી દેવું. કોઈ એપ ઇન્સ્ટોલ કરતી વખતે એસએમએસ,



કોન્ટેક્ટ્સ કે ઓટોમેશન/એક્સેસિબિલિટી સર્વિસની મંજૂરી આપતાં પહેલાં ચકાસણી કરવી. સાયબર ઠગ આ પરમિશન દ્વારા ઓટીપી અને બેંકિંગ વિગતો ચોરી લે છે.

સાયબર ઠગાઈ અંગે જાણ થાય તો તાત્કાલિક ૧૯૩૦ હેલ્પ લાઇનનો સંપર્ક કરવો. આ બનાવમાં જે ખાતામાં રૂપિયા ટ્રાન્સફર થયા છે, તેની વિગતો મેળવીને તપાસ કરાઈ રહી છે. એપ ડાઉનલોડ થયા બાદ ઠગાઈ કરવામાં આવી હતી તેમ પીઆઇ જી. ડી. રાજપૂતે જણાવ્યું હતું.

ઠગાઇની વધુ એક ઘટનામાં કાપડના વેપારી સાથે દસ લાખની ઠગાઇ થઇ હતી. સુરતના સારોલીમાં કાપડનો માલ ખરીદ્યા બાદ ૧૦.૦૩ લાખ રૂપિયાનું પેમેન્ટ ન કરીને એક વેપારીએ અન્ય વેપારી અને તેના સાગરીતો વિરુદ્ધ વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવી હતી. આરોપ છે કે મુંબઈની એક પેઢીના સંચાલકોએ કાપડ દલાલના માધ્યમથી સંપર્ક કરીને માલનું પેમેન્ટ સમયસર કરી દેવાનો ભરોસો આપ્યો હતો. ત્યારબાદ તેમણે ૨૭.૮૯ લાખ રૂપિયાનું કાપડ ખરીદી લીધું હતું, પરંતુ બાકી રકમ ચૂકવવામાં આનાકાની કરવા લાગ્યા હતા.

આ બનાવ અંગે પોલીસના જણાવ્યા અનુસાર ફરિયાદી રાખી કમલકિશોર જગદીશપ્રસાદ રાઠી વેસુ સ્થિત કેપિટલ ગ્રીન સોસાયટીમાં રહે છે અને કાપડનો વેપાર કરે છે. તેમની દુકાન સારોલીના રાધાકૃષ્ણ લોજિસ્ટિક પાર્કમાં ભાર્ગી ફેબલાઈનના નામે આવેલી છે. ફરિયાદમાં અંજલિ મારુતિ પવાર, તેમની પેઢી આનેરી એન્ટરપ્રાઈઝના મેનેજર વિશાલભાઈ અને કાપડ દલાલ વિવેક અગ્રવાલના નામ સામેલ છે. વિવેક અગ્રવાલ સુરત ટેક્સટાઈલ એજન્સીના સંચાલક હોવાનું જણાવાયું છે. કાપડ દલાલ વિવેક અગ્રવાલ મારફતે અંજલિ પવાર અને વિશાલભાઈએ સાંઠગાંઠ કરીને ફરિયાદીની દુકાનમાંથી કુલ ૨૭,૮૯,૫૬૭ રૂપિયાનું કાપડ ખરીદ્યું હતું. આરોપ છે કે આરોપીઓએ વેપારીને ભરોસો આપ્યો હતો કે માલનું પેમેન્ટ નક્કી કરેલા સમયે કરી દેવામાં આવશે. ફરિયાદીના જણાવ્યા અનુસાર, ખરીદાયેલા કાપડની કુલ રકમમાંથી ૧૦,૦૩,૩૪૧ રૂપિયાનું પેમેન્ટ હજુ સુધી કરવામાં આવ્યું નથી. અંતે ફરિયાદ નોંધાવાઇ હતી.

### માણસને પરલોકના તેડા ક્યાં ક્યારે કેવી રીતે આવી તેની કોઇ જાણ હોતી નથીઃ ત્રણ અપમૃત્યુ

# માતાજીના માંડવામાંથી ઘરે જતાં વૃધ્ધાનું મોત

## સ્પીડબ્રેકર પર દિકરાનું મોટરસાઇકલ ઉછળતા પાછળથી પડી જતાં જીવ ગયોઃ બીજી ઘટનામાં રિક્ષામાં પાર્સલ ચડાવતી વેળાએ પટકાતાં પ્રૌઢનું મોતઃ ત્રીજી ઘટનામાં રાજકોટથી ઉજ્જૈન દર્શને ગયેલા ખેડુતનું દિલની દગાખોરીથી થયું મૃત્યુ

રાજકોટ તા. ૨૮

વાહન અકસ્માત, પડી જવાથી અને દિલની દગાખોરીથી ત્રણ લોકોના અલગ અલગ સ્થળોએ મૃત્યુ થયા હતાં. આ ત્રણેયના મૃતદેહના રાજકોટ સિવિલહોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ કરાવડાવી પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. એક બનાવમાં જેતપુર માર્કેટ યાર્ડ નજીક સ્પીડ બ્રેકર પર મોટરસાઇકલ ઉછળતાં પુત્રની પાછળ બેઠેલા જેતપુરના વૃધ્ધા રોડ પર પડી જતાં જીવ ગયો હતો. દિકરીના ઘરે યોજાયેલા માતાજીના માંડવામાંથી દર્શન કરીને ઘરે જતી વખતે બનાવ બન્યો હતો. બીજી ઘટનામાં વિરપુરમાં રિક્ષામાં પાર્સલ ચડાવતી વખતે પડી જતાં પ્રૌઢને માથામાં ઈજા થતાં જીવ ગયો હતો. ત્રીજી ઘટનામાં રાજકોટથી ઉજ્જૈન દર્શન કરવા ગયેલા ખેડૂતનું દિલની દગાખોરીથી મૃત્યુ થયું હતું.

ઘટનાઓ પર નજર કરીએ તો ધોરાજીના જાલણસર ગામે રહેતી દિકરીના ઘરે માતાજીનો માંડવો હોઇ જેતપુરથી વૃધ્ધા પોતાના દિકરા સાથે ત્યાં દર્શન કરવા ગયા હતાં. ત્યાંથી પરત આવતી વખતે બનાવ બન્યો હતો. સારવાર દરમિયાન રાજકોટમાં દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. જેતપુરમાં ધોરાજી રોડ પર અંકુર સ્કૂલ પાસે રહેતાં સાંઠ વર્ષના કમળાબેન રમણીકભાઇ સરવૈયા રાતે પોતાના પુત્ર સાડત્રીસ વર્ષના અનિલભાઇ રમણીકભાઇ સરવૈયાના મોટરસાઇકલ પાછળ બેસી ધોરાજીના જાલણસર ગામેથી જેતપુર તરફ જતાં હતાં.

આ વખતે જેતપુર માર્કેટ યાર્ડ નજીક પહોંચ્યા ત્યારે સ્પીડ બ્રેકર પર બાઇક ઉછળતાં કમળાબેન પાછળથી પડી જતાં માથામાં ગંભીર ઇજા થઇ હતી. તેમને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે જેતપુર સીટી પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર કમળાબેનને સંતાનમાં બે દિકરા અને એક દિકરી છે.

વધુ માહિતી અનુસાર તેમના પતિ અને દિકરો બંને સાડી પ્રિન્ટીંગના કારખાનામાં મજૂરી કરે છે. જાલણસર રહેતી દિકરી હેતલબેન વિમલભાઇ ગોહેલને ત્યાં શ્રીચામુંડા માતાજીના માંડવો હોઇ મા-દિકરો ત્યાં દર્શન કરવા ગયા હતાં. પરત આવતી વખતે આ બનાવ બન્યો હતો. જેતપુર



પોલીસે રાજકોટ પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

બીજી ઘટના જોઇએ તો જલારામ વિરપુરમાં રિક્ષાચાલક પ્રૌઢ રિક્ષામાં પાર્સલ ચડાવતાં હતાં તે વખતે બેલેન્સ ગુમાવતાં પડી જતાં માથામાં ગંભીર ઇજા થતાં હેમરેજ થઇ જવાથી જીવ ગયો હતો. વિરપુરની જલારામ સોસાયટીમાં રહેતાં કાનાભાઇ ડાયાભાઇ સંખેસરીયા નામના એકાવન વર્ષના રિક્ષાચાલક પ્રૌઢ બપોરે બે વાગ્યા આસપાસ જલારામ બાપાના મંદિર નજીક પોતાની રિક્ષામાંથી ચડાવતાં, ઉતારતાં હતાં ત્યારે પડીજતાં માથામાં ઇજા થતાં બેભાન થઇ ગયા હતાં. તેમને સારવાર માટે તુરત જ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ સારવાર દરમિયાન આજે વહેલી સવારે મૃત્યુ થયું હતું.

આ બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે વિરપુર પોલીસને કરી હતી. કાનાભાઇ ત્રણ ભાઇમાં વચેટ હતાં. તે રિક્ષામાં માલસામાનના ફેરા કરી ગુજરાન ચલાવતાં હતાં. બનાવથી પરિવારજનોમા ગમગીની વ્યાપી ગઇ હતી.

ત્રીજી એક ઘટના જોઇએ તો માણસને પરલોકનું તેડુ ક્યારે ક્યાં આવે તેની કોઇ ખબર હોતી નથી. શહેરના મવડી પ્લોટ વિસ્તારની અલ્કા સોસાયટીમાં રહેતાં મુળ જામજોધપુરના વનાણા ગામના ખેડુતનું મધ્યપ્રદેશ ઉજ્જૈન ખાતે દિકરા સહિતની સાથે દર્શનાર્થે ગયા ત્યારે ત્યાંના એક મંદિર ખાતે હૃદય રોગનો હુમલો આવતાં મૃત્યુ થયું હતું. અલ્કા સોસાયટી શેરી નં. ૮માં રહેતાં અઠાવન વર્ષના કાનાભાઇ મશરીભાઇ જોગલ ઉજ્જૈન ખાતે દર્શનાર્થે ગયા હતાં. જ્યાં ગઇકાલે ૨૭મીએ સવારે ઋણ મુક્તેશ્વર મહાદેવ મંદિર ખાતે હતાં ત્યારે તબિયત બગડતાં બેભાન થઇ જતાં ઉજ્જૈન સારવાર માટે ખસેડાયા હતાં.

પરંતુ તેમને નિષ્પ્રાણ જાહેર કરી પોસ્ટમોર્ટમ કરાવવા તબિબે કહ્યું હતું. સ્વજનોએ રાજકોટ ખાતે પોસ્ટમોર્ટમ કરાવવાનું કહેતાં ત્યાંથી રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ગત રાતે નિષ્પ્રાણ દેહ લાવવામાં આવતાં તબિબે એમએલસી કેસ જાહેર કર્યો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં માલવીયાનગર પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર ચાર ભાઇ અને પાંચ બહેનમાં ત્રીજા હતાં. સંતાનમાં એક દિકરી અને બે દિકરા છે. પોતે દિકરા, ગોર મહારાજ સહિતની સાથે ઉજ્જૈન દર્શન કરવા ગયા હતાં. મુળ જામજોધપુર વનાણાના વતની હતાં અને ખેતી કરતાં હતાં. આમ ત્રણ ઘટનાઓમાં અલગ અલગ પરિવારોએ સ્વજનો ગુમાવી દેતાં ગમગીની વ્યાપી ગઇ હતી.

### મહાનગરપાલિકામાં રૂ. ૩૩ કરોડની ઘોષણા કે માત્ર 'શોબાજી'?

# કચરાના ઢગલા વચ્ચે લાખોના બિલ પાસ

## ૧૧૦૦ કરોડના તોતિંગ કોન્ટ્રાક્ટ છતાં તંત્ર ઘૂંટણભેરઃ ટીપરવાનની અનિયમિતતાથી નાગરિકો ત્રાહિમામ્, મેયરે આકરા પાણીએ થઈ અટકાવ્યું પેમેન્ટ

રાજકોટ, તા. ૨૮

રાજકોટ શહેરમાં સ્વચ્છતાનું ધોરણ સુધરે અને રાષ્ટ્રીય સ્તરે રેન્કિંગ ઊંચું આવે તેવા મોટા મોટા દાવાઓ સાથે મહાનગરપાલિકા દ્વારા ગત વર્ષે ૧૦ વર્ષ માટે રૂ. ૧૧૦૦ કરોડનો સફાઈનો અત્યાર સુધીનો સૌથી મોટો અને તોતિંગ કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. રાષ્ટ્રીય સ્તરની નિષ્ણાત એજન્સીઓ આવી જવાથી શહેરના ન્યુસન્સ પોઈન્ટ નાબૂદ થઈ જશે અને ઘરે-ઘરેથી ટીપરવાન મારફતે ગાર્બેજ કલેક્શનની કામગીરી સુચારૂ રૂપે ચાલશે તેવી ગેરંટી સાથે સમગ્ર જવાબદારી ખાનગી કંપનીઓને સોંપવામાં આવી હતી. પરંતુ આ કરોડો રૂપિયાના કોન્ટ્રાક્ટની વાસ્તવિકતા હવે ગ્રાઉન્ડ લેવલ પર છતી થઈ ગઈ છે. છેલ્લા કેટલાક મહિનાઓથી ટીપરવાન દ્વારા કચરા એકત્રીકરણની કામગીરીમાં ભારે લોલમલોલ અને ઘોર બેદરકારી દાખવવામાં આવી રહી હોવાનું ખુલેઆમ બહાર આવ્યું છે.

શહેરમાંથી ન્યુસન્સ પોઈન્ટ નાબૂદ કરવાના પ્રયત્નો કાગળ પર ચાલુ બતાવવામાં આવે છે, પરંતુ જે તે સમયે નક્કી કરાયેલા લક્ષ્યાંક મુજબ હજુ સુધી શહેરના ન્યુસન્સ પોઈન્ટ સંપૂર્ણપણે સાફ થઈ શક્યા નથી. આ સિવાય, સમગ્ર સફાઈ વ્યવસ્થાનો અડધાથી વધુ મદાર જેના પર રહેલો છે તેવા 'ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન'ની કામગીરીમાં ગંભીર ક્ષતિઓ અને ખામીઓ સામે આવી રહી છે. કચરાગાડીઓ સમયસર ન આવવી, કેટલાક વિસ્તારોમાં દિવસો સુધી વાહનો જ ન પહોંચવા અને કામગીરીમાં અનિયમિતતા હોવાની વ્યાપક ફરિયાદોથી મનપાનું કોલ સેન્ટર સતત ઊભરાઈ રહ્યું છે. માત્ર સામાન્ય નાગરિકો જ નહીં, પરંતુ ખુદ વોર્ડના કોર્પોરેટરોએ પણ પોતાના વિસ્તારમાં ગાર્બેજ કલેક્શન પહોંચતું ન હોવાની અને એજન્સીઓ સમયપાલન ન કરતી હોવાની લેખિત-મૌખિક ફરિયાદો પદાધિકારીઓ સમક્ષ કરી છે.



FILE IMAGE

ઉલ્લેખનીય છે કે, તંત્ર દ્વારા શહેરના તમામ ૧૮ વોર્ડમાં ડોર ટુ ડોર કચરો એકત્રિત કરવા માટે કુલ ૫૮૫ ટીપરવાન દોડાવવામાં આવી રહી છે. આ કામગીરીનો કોન્ટ્રાક્ટ 'અર્હમ એજન્સી', 'એવરગ્રીન એજન્સી' અને 'ઓમ સ્વચ્છતા' એમ ત્રણ અલગ-અલગ ખાનગી એજન્સીઓને આપવામાં આવ્યો છે. આ ત્રણેય એજન્સીઓને મનપા દ્વારા દર મહિને કુલ રૂ. ૧૧ કરોડનું તોતિંગ ભુગતાન કરવામાં આવે છે. પરંતુ, પ્રજાના ટેક્સના કરોડો રૂપિયા ચૂકવવા છતાં એજન્સીઓ દ્વારા દાખવવામાં આવતી લાલિયાવાડી સામે આવતા આખરે તંત્ર હરકતમાં આવ્યું છે. કચરો એકત્રિત કરવામાં ઉઠેલી વ્યાપક બેદરકારી બાદ મેયર ડો. નેહલ શુકલ સહિતના ઉચ્ચ પદાધિકારીઓ દ્વારા ખાસ સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી.

આ રિવ્યૂ બેઠક બાદ મેયર દ્વારા આકરૂ વલણ અપનાવીને સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે જ્યાં સુધી નવેસરથી આદેશ ન થાય ત્યાં સુધી એક પણ એજન્સીના બિલનું ચુકવણું કરવું નહીં. આ આદેશના પગલે સોલિડ વેસ્ટ વિભાગ દ્વારા ઓગસ્ટ, સપ્ટેમ્બર અને ઓક્ટોબર એમ છેલ્લા ત્રણ મહિનાનું ત્રણેય એજન્સીઓનું મળીને રૂ. ૩૩ કરોડનું પેમેન્ટ અટકાવી દેવામાં આવ્યું છે. દર મહિને ૧૧ કરોડના લેખે અટકાવવામાં આવેલી આ રકમથી કોન્ટ્રાક્ટરોમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

જે સમયે ૧૧૦૦ કરોડનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો ત્યારે વિપક્ષ અને નાગરિકો દ્વારા અનેક સવાલો ઉઠાવવામાં આવ્યા હતા, પરંતુ મનપા શાસકો દ્વારા નેશનલ લેવલની કંપનીઓથી સફાઈનું સ્તર ઊંચું આવવાની ગુલાબી વાતો કરવામાં આવી હતી. હાલ સ્થિતિ એ છે કે સોલિડ વેસ્ટ વિભાગ દ્વારા ત્રણેય એજન્સીઓને કામગીરી તાત્કાલિક સુધારવા માટે કારણદર્શક નોટિસો ફટકારવામાં આવી છે અને દૈનિક કામગીરી પર મોનિટરિંગ વધારી દેવાયું છે.

હાલમાં વોર્ડ સમિતિઓની બેઠકો પણ નિયમિત રીતે મળી રહી હોવાથી હવે વોર્ડ કક્ષાએથી પણ સફાઈ અને ગાર્બેજ કલેક્શનનો પાયાનો રિવ્યૂ લેવામાં આવી રહ્યો છે. તંત્રના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ, આગામી દિવસોમાં જ્યાં સુધી ત્રણેય એજન્સીઓની સેવા અને ડોર ટુ ડોર કચરો એકત્રિત કરવાની કામગીરી સંપૂર્ણપણે સંતોષજનક અને નિયમિત માલૂમ નહીં પડે, ત્યાં સુધી રોકી રાખવામાં આવેલું પેમેન્ટ તબક્કાવાર પણ શરૂ કરવામાં આવશે નહીં. કરોડોના ખર્ચ સામે કચરાના રાજકોટવાસીઓને મળતા ઢગલાઓ વચ્ચે હવે મનપા તંત્રની આ કડકાઈથી એજન્સીઓ વળતી લાઈને આવે છે કે કેમ તેના પર સૌની નજર મંડાયેલી છે.

### ડી.જે.ના ઘોંઘાટ વગર રોશની અને રંગોળી સાથે ઉજવાશે 'દીપાવલી ઉત્સવ', મેયરની સ્પષ્ટ જાહેરાત

# દિવાળી કાર્નિવલ રદ્દ નહીં થાય

## વીજળી અને પાણીના સંકટ વચ્ચે મનપાની કરકસરયુક્ત ફોર્મ્યુલા વ્યર્થ ખર્ચ ટાળીને ચાર દિવસ સુધી રેસકોર્સ રિંગ રોડ બનશે આકર્ષણનું કેન્દ્ર


FILE IMAGE

રાજકોટ, તા. ૨૮

રાજકોટમાં આગામી દિવાળીના તહેવાર પર યોજાનાર કાર્નિવલને સદંતર રદ્દ કરવાના અગાઉના અટકળો પર પૂર્ણવિરામ મુકાયું છે. મહાનગરપાલિકા દ્વારા કાર્નિવલને રદ્દ કરવાને બદલે તેને એક નવા જ આકર્ષણ અને દિવ્ય સ્વરૂપ સાથે યોજવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. મેયર ડો. નેહલ શુક્લએ સ્પષ્ટ કર્યું છે કે પ્રકાશનું આ પર્વ લોકોની ઉત્સાહભરી લાગણી મુજબ રંગેચંગે ઉજવવામાં આવશે, પરંતુ આ ઉજવણીમાં કોઈપણ પ્રકારનો વ્યર્થ ખર્ચ કરવામાં નહીં આવે.

રાજકોટ સહિત સમગ્ર રાજ્યમાં વીજળી અને પાણીના સંભવિત સંકટને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર સતર્ક બની છે. આ સ્થિતિ વચ્ચે ગત સમાહે મનપાના પદાધિકારીઓ દ્વારા કરકસર અને વીજ બચતના ભાગરૂપે દિવાળી કાર્નિવલ નહીં યોજવા અને તેના કાર્યક્રમો પર કાતર ફેરવવા અંગે વિચારણા કરવામાં આવી હતી. જોકે, પ્રજાના ઉત્સાહ અને તહેવારના માહોલને જાળવી રાખવા માટે આ વિચારમાં બદલાવ લાવવામાં આવ્યો છે.

મેયરના જણાવ્યા અનુસાર, આગામી દિવાળીના તહેવારમાં બારસથી લઈને દિવાળી સુધી એટલે કે સતત ચાર દિવસ સુધી આ વિશેષ ઉત્સવનું આયોજન કરવામાં આવશે. આ કાર્યક્રમ માટે 'રંગ, રોશની અને રાજકોટ' અથવા 'દિપાવલી ઉત્સવ' જેવા નામો પર વિચારણા ચાલી રહી છે. આ સમગ્ર આયોજનને આખરી સ્વરૂપ આપવા માટે આજે સાંજે જ ખાસ અધિકારીઓ અને પદાધિકારીઓની બેઠક બોલાવવામાં આવી છે, જેમાં કાર્યક્રમોની રૂપરેખા ફાઈનલ કરી આવતીકાલે સત્તાવાર જાહેરાત કરવામાં આવશે.

આ ચાર દિવસીય ઉત્સવ દરમિયાન શહેરીજનો માટે મુખ્ય આકર્ષણ તરીકે રેસકોર્સ રિંગ રોડ ફરતે અત્યંત આકર્ષક અને ભવ્ય રોશની કરવામાં આવશે. આ ઉપરાંત, દર વર્ષની જેમ આ વર્ષે પણ લોકો માટે રંગોળી સ્પર્ધાનું વિશેષ આયોજન યથાવત રાખવામાં આવ્યું છે. આ કાર્નિવલનું સૌથી મોટું અને આવકારદાયક પાસું એ છે કે તેમાં લોકો માટે અસુવિધાજનક અને પરેશાન કરનાર 'ડી.જે. ધમાલ' જેવા ઘોંઘાટ સદંતર રદ્દ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

દર વર્ષે ઉત્સવો અને કાર્યક્રમોના સ્વરૂપમાં બદલાવ થતો હોય છે, અને આ વખતે પણ આ ઉત્સવમાં કંઈક નવું અને રચનાત્મક ઉમેરવામાં આવશે. સાથે જ નાણાંનો વ્યર્થ ખર્ચ ન થાય તેનું વિશેષ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. દિવાળી કાર્નિવલના ખર્ચ માટે ટેન્ડર પ્રક્રિયા પણ આજ સાંજ સુધીમાં તૈયાર કરી લેવામાં આવશે. આમ, દિવાળી બાદ વીજળી અને પાણીની કરકસરનો તબક્કો શરૂ થાય તે પહેલાં, નાગરિકોના મૂડ અને ઉમંગને ધ્યાનમાં રાખીને મનપાએ દિવાળીનો તહેવાર ઉત્સાહપૂર્વક ઉજવવાનું મન મક્કમ કર્યું છે.

### ટેક્સ 'ચોરી'ની ડિજિટલ પ્લેટફોર્મ પર પોલ ખુલી

# રેસ્ટોરન્ટ્સ ઈન્કમટેક્સના રડારમાં

## સ્વગી-ઝોમેટોના ડેટાએ ખોલી પોલઃ ક્લાઉડ સોફ્ટવેરથી બિલ ગાયબ કરવાનું 'હાઈટેક' કૌભાંડ છતું થતાં રાજકોટ, અમદાવાદ, સુરત , વડોદરામાં ખળભળાટ

રાજકોટ, તા. ૨૮

રાજ્યમાં આવકવેરા વિભાગે કરચોરો સામે ડિજિટલ સર્જિકલ સ્ટ્રાઈક શરૂ કરી છે, જેના પગલે સમગ્ર હોસ્પિટાલિટી ક્ષેત્રમાં મોટો ભૂકંપ આવ્યો છે. અમદાવાદ, સુરત અને રાજકોટ જેવા રાજ્યના મુખ્ય મહાનગરોમાં આવેલી નામી-અનામી હોટલો અને રેસ્ટોરન્ટ્સ પર આઈ.ટી. (IT) વિભાગની ટીમોએ એકસાથે ત્રાટકીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. પ્રાથમિક અંદાજ મુજબ, સમગ્ર રાજ્યના રેસ્ટોરન્ટ અને હોટલ સેક્ટરમાં આશરે ૨૫ હજાર કરોડ રૂપિયાની તોતિંગ કરચોરી થઈ હોવાની શંકા સેવાઈ રહી છે, જેના કારણે કરચોરી કરનારા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

આ કાર્યવાહી પાછળ સૌથી મોટું કારણ ઓનલાઈન ફૂડ ડિલિવરી પ્લેટફોર્મ્સનો ડેટા સાબિત થયો છે. સ્વિગી (Swiggy) અને ઝોમેટો (Zomato) જેવી જાણીતી ફૂડ એપ્સના વ્યવહારોની ચકાસણી દરમિયાન ૮ હજાર કરોડ રૂપિયા જેટલું તોતિંગ ટીડીએસ (TDS) કપાયું હોવાનું સામે આવ્યું હતું. આ આંકડાઓ સામે આવ્યા બાદ જ્યારે સ્થાનિક કક્ષાએ ચોપડે દર્શાવવામાં આવતા વાર્ષિક ટર્નઓવર સાથે સરખામણી કરવામાં આવી, ત્યારે જમીન-આસમાનનો મોટો તફાવત જોવા મળ્યો હતો. ડિજિટલ પ્લેટફોર્મ પર થયેલા ઓર્ડર્સ અને બુક્સ ઓફ




એકાઉન્ટ્સમાં નોંધાયેલા આંકડાઓ મેળ ખાતા ન હોવાથી તપાસનો દોર વધુ લંબાયો છે અને અનેક વ્યુહાત્મક રહસ્યો બહાર આવી રહ્યા છે.

ટેક્સ બચાવવા માટે હોટલ સંચાલકોએ આધુનિક ટેકનોલોજીનો ખૂબ જ ગેરકાયદેસર ઉપયોગ કર્યો હોવાનું ખૂલ્યું છે. મોટાભાગની રેસ્ટોરન્ટ્સે સોફ્ટવેર ક્લાઉડ સિસ્ટમનો ઉપયોગ કરીને પોતાનું સાચું વેચાણ છુપાવવાનો અને સરકારની આંખમાં ધૂળ નાખવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. કાઉન્ટર પર આવતા ગ્રાહકો પાસેથી રોકડ રકમ મેળવીને બિલ સોફ્ટવેર અથવા બિલ સિસ્ટમમાંથી ગાયબ કરી દેવાનું આખું હાઈટેક કૌભાંડ ચાલી રહ્યું હતું. જોકે, આવકવેરા વિભાગની ટેકનિકલ ટીમે આ સમગ્ર ક્લાઉડ ડેટા સર્વરને સીઝ કરીને તેનું ઊંડાણપૂર્વકનું વિશ્લેષણ શરૂ કરી દીધું છે, જેથી કોઈ પણ છટકી ન શકે.

આવકવેરા વિભાગનું મુખ્ય ધ્યાન હાલ મધ્યમ અને મોટા કદના ફૂડ આઉટલેટ્સ પર કેન્દ્રિત થયું છે. વાર્ષિક ૨ કરોડથી લઈને ૫ કરોડ રૂપિયા સુધીનું ટર્નઓવર કે આવક ધરાવતી હોટલો અને રેસ્ટોરન્ટ્સ સીધી રડારમાં આવી ગઈ છે. આ શ્રેણીમાં આવતા અસંખ્ય એકમોએ મોટા પાયે બિલ વગરનું વેચાણ બતાવ્યું હોવાના નક્કર પુરાવા તપાસ અધિકારીઓના હાથ લાગ્યા છે. ત્રણેય મહાનગરોમાં ટીમો એકસાથે પહોંચીને જૂના ચોપડા, ડિજિટલ રેકોર્ડ્સ અને ઓનલાઈન હિસાબો બારીકાઈથી ચકાસી રહી છે.

અધિકારીઓ હાલ તમામ બેંક ખાતાઓ અને ડિજિટલ ટ્રાન્ઝેક્શનની ક્રોસ વેરિફિકેશન પ્રક્રિયા પૂરી કરવામાં વ્યસ્ત બન્યા છે. આગામી દિવસોમાં આ મામલે હોસ્પિટાલિટી ક્ષેત્રના મોટા નામો સામે આવવાની પૂરી શક્યતા રહેલી છે, અને જેમ-જેમ તપાસ આગળ વધશે તેમ-જેમ કરચોરીનો આ તોતિંગ આંકડો હજુ પણ ઘણો વધી શકે તેમ માનવામાં આવે છે.

# ચોમાસાની નિષ્ફળતાથી સૌરાષ્ટ્રમાં જળસંકટ

## સૌરાષ્ટ્રના ૪૬ જળાશયો ખાલી થવાના આરે, રાજકોટના આજી-ન્યારીને નર્મદા નીરનો આસરો


AI IMAGE

રાજકોટ, તા. ૨૮

ચાલુ વર્ષે સૌરાષ્ટ્ર અને સમગ્ર ગુજરાતમાં નહિવત વરસાદના કારણે દારૂણ દુષ્કાળનો કાળોછાયો મંડરાઈ રહ્યો છે. સમગ્ર પંથકમાં પીવાના પાણી તેમજ ખેતી માટે જરૂરી વીજળીની ભારે તંગી સર્જાતા જનજીવન પ્રભાવિત થયું છે અને ગ્રામ્યથી લઈને શહેરી વિસ્તારના લોકોમાં ભારે આક્રોશ તેમજ ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. સિંચાઈ વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરના અધિકૃત આંકડા મુજબ સૌરાષ્ટ્રના કુલ ૮૨ જળાશયોમાંથી ૪૬ ડેમોની સ્થિતિ અત્યંત દયનીય અને ચિંતાજનક બની ગઈ છે. હજુ તો ઓક્ટોબર મહિનો જ ચાલી રહ્યો છે ત્યાં રાજકોટના ૯ જળાશયો સહિત સૌરાષ્ટ્રના ૪૬ ડેમોમાં માત્ર ૧ થી ૨૦ ટકા જેટલો જ પાણીનો જથ્થો શિલક બચ્યો છે. જળસંચયની આ અત્યંત ઓછી સપાટીને ધ્યાને લેતાં જો આવી જ પરિસ્થિતિ આગામી દિવસોમાં પણ જળવાઈ રહેશે, તો માત્ર પંદર જ દિવસના ટૂંકા ગાળામાં આ તમામ ૪૬ જળાશયો સંપૂર્ણપણે તળિયાઝાટક થઈ જવાની ભીતિ સેવાઈ રહી છે, જેના કારણે પ્રદેશભરમાં પીવાના અને સિંચાઈના પાણી માટે તીવ્ર હાહાકાર મચી ગયો છે.

જિલ્લાવાર જળકટોકટીના આંકડા પર નજર કરીએ તો સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં પાણીની વિકટતા અલગ-અલગ સ્વરૂપે સામે આવી રહી છે. સમગ્ર સૌરાષ્ટ્રમાં સૌથી વધુ કફોડી અને દયનીય સ્થિતિ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાની નોંધાઈ છે. જામનગરના કુલ ૨૧ માંથી ૨૦ ડેમોમાં હાલમાં માત્ર ૦.૫ થી ૧૪ ટકા જેટલું જ પાણી બચ્યું છે, જ્યારે દ્વારકા જિલ્લાના તો તમામ ૧૨ ડેમો સાવ કોરાકટ થઈ ગયા છે. આ જ રીતે કચ્છ જિલ્લાના પણ તમામ જળાશયો તળિયાઝાટક બની ચૂક્યા છે, જ્યારે મોરબીના ૨ અને સુરેન્દ્રનગરના ૩ ડેમોમાં માંડ ૨ થી ૮ ટકા જેટલો જ જળસંગ્રહ બાકી રહ્યો છે. રાજકોટ જિલ્લાની વાત કરીએ તો અહીંના કુલ ૨૭ જળાશયોમાંથી ૯ ડેમોમાં માત્ર ૨ થી ૧૮ ટકા જ પાણીનો જથ્થો ઉપલબ્ધ છે અને રાજકોટ શહેરની મુખ્ય જીવાદોરી સમાન આજી તથા ન્યારી ડેમ હાલ સંપૂર્ણપણે સૌની યોજનાના ટેકે જ ટકેલા છે. સમગ્ર રીતે મૂલ્યાંકન કરીએ તો ૮૬રાષ્ટ્રના તમામ ૮૨ ડેમોમાં હાલ સરેરાશ ૫૦ ટકા પણ પાણીનો જથ્થો મોજૂદ નથી, જે ભવિષ્યની મોટી જળસંકટની સ્થિતિ તરફ ઈશારો કરે છે.

આ ભારે જળસંકટ અને ચિંતાજનક વાતાવરણ વચ્ચે રાજકોટ શહેરના નાગરિકો માટે એક આશ્વાસનરૂપ અને રાહતના સમાચાર સામે આવ્યા છે. રાજકોટની જળજરૂરિયાત પૂરી કરતા આજી-૧ અને ન્યારી-૧ ડેમમાં નર્મદાનું પાણી છોડવા અંગે છેલ્લા કેટલાક સમયથી ચાલતી અસમંજસ અને મુંઝવણનો આખરે અંત આવ્યો છે. નર્મદા વિભાગ તરફથી જરૂરી મંજૂરીઓ અને લીલી ઝંડી મળી જતાં રાજકોટ સિંચાઈ વિભાગના ઈજનેરોએ સત્તાવાર પુષ્ટિ કરી છે કે ચાલુ સપ્તાહમાં જ સૌની યોજના મારફતે બંને ડેમોમાં નર્મદાના નીર પહોંચાડી દેવામાં આવશે. આ યોજનાની વિતરણ વ્યવસ્થા મુજબ સૌપ્રથમ નર્મદાનું પાણી ધોળધજા ડેમમાં ઠાલવવામાં આવશે અને ત્યાંથી ખાસ પાઈપલાઈન નેટવર્ક દ્વારા રાજકોટના આજી અને ન્યારી-૧ માં પહોંચાડાશે. વર્તમાન સ્થિતિએ આજી-૧ ડેમમાં ૪૯ ટકા અને ન્યારી-૧ ડેમમાં ૪૧ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે, પરંતુ નર્મદાના નવા નીરનું આગમન થતાં જ બંને ડેમોની જળસપાટીમાં ઝડપી અને નોંધપાત્ર વધારો થશે, જેનાથી રાજકોટ શહેર પર તોળાતું પીવાના પાણીનું મોટું સંકટ ઘણે અંશે ટળી જશે.